શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ

અંક ૬

# મૈત્રી

તંત્રી : ડૉ. એ. વી. પટેલ
સહતંત્રી : શ્રી એસ. એચ. પટેલ
શ્રી આર. કે. પટેલ



સપ્ટેમ્બર ૨૦૦૮





"મારો જન્મદિન ઉજવવાને બદલે, પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિન ઉજવો તો હું વધુ ગૌરવ અનુભવીશ."

- ડૉ. સર્વપલ્લી રાધાક્રિશ્નન્

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સંતરામપુર જિ. પંચમહાલ

## પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું



વર્ષ : ૨
અંક : ૬

# મૈત્રી

## સામયિક

સપ્ટેમ્બર-૨૦૦૮




### સંપાદન

તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ

### સંપાદક મંડળ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર


### લેખકોને :........

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઈચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

### સાંકળિયું


૧. પ્રસ્તાવના - શ્રી આર. ડી. વણકર ૧
૨. તંત્રીસ્થાનેથી - ડૉ. એ. વી. પટેલ ૨
૩. ધોરણ-૩ થી ૭ સત્રાંત - શ્રી આર. કે. પટેલ ૩
૪. ગુજરાતના મુખ્ય મેળા - ડૉ. એ.વી. પટેલ ૧૩
૫. “શિક્ષણ અને - પારગી અર્જુનસિંહ કે ૧૫
૬. પ્રાથમિક શાળાઓ ભરતકુમાર ડી. પટેલ ૧૬
૭. સમર્થ સાહિત્યકાર સ્મિતા જે. પટેલ ૧૬
૮. ચિંતનદીપ શરદ એચ. પટેલ ૧૭
૯. સંયુક્ત રાષ્ટ્ર સંઘ - પટેલ પ્રવિણકુમાર હરિભાઈ ૧૮
૧૦. ભારત રત્ન ડૉ. રાધાકૃષ્ણન - શરદ એચ. પટેલ ૧૯
૧૧. શિક્ષકની ક્રિયાઓ - દિનેશચંદ્ર જે. પટેલ ૧૯
૧૨. ચમત્કાર કે ચાલાકી - કાન્તિલાલ પટેલ ૨૧
૧૩. સર્વધર્મ પ્રાર્થના - ડૉ. એ.વી. પટેલ ૨૨
૧૪. ડાયાબીટીસ/ભારે ચરબીવાળું - રમેશભાઈ પટેલ ૨૪


### ધ્યેય

ભાવિ પેઢીનો પ્રત્યેક નાગરિક સ્વતંત્રપણે વિચારવાનું અને સમજણપૂર્વક જીવવાનું સાહસ કેળવે, જીવનને સાચા અર્થમાં ચાહનારા અને માણનારા જીવનપ્રેમી વિશ્વનાગરિક બને તથા શરીરથી નીરોગી, મનથી જ્ઞાની, હૃદયથી પ્રેમી અને અંતરાત્માથી સ્વસ્થ બને તે માટે સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે નવતર પ્રયોગો કરવા.

જે દેશના બાળકો અને યુવાનો ઉપેક્ષિત દશામાં હોય તે દેશ કદીયે આગળ ન આવી શકે... જો આપણે આપણા દેશને ચાહતા હોઈએ તો બાળકો અને યુવાનો માટે શક્ય તેટલું બધું જ કરી છૂટીએ....

જે દેશના યુવાનો નિષ્ક્રિય અને દિશાશૂન્ય હોય તે દેશ કદીયે આગળ ન આવી શકે.... જો આપણે દેશને ચાહતા હોઈએ તો આળસ અને નિરાશા ત્યાગી શક્ય તેટલું બધું જ કરી છૂટીએ..

હે નમ્રતાના સ્વામી... અમને વરદાન આપ કે સેવક અને મિત્ર તરીકે જે લોકોની સેવા કરવાની છે, તેમનાથી ક્યારેય અમે અળગા ન પડી જઈએ. - ગાંધીજી

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# પ્રસ્તાવના




**વ્હાલા ગુરૂજનો,**

શિક્ષકનાં ત્રણ કર્તવ્યો; વાંચવું, વિચારવું અને વિકસવું આ ત્રણે કર્તવ્યોને ગતિશીલ કરવાનું પ્રબળ માધ્યમ ''મૈત્રી'' શિક્ષણક્ષેત્રે કામ કરતા શિક્ષણપ્રેમીઓને સાહિત્યરૂપી અમૃત પીરસવાનું ઉમદા કાર્ય કરે છે. નવલી નવરાત્રિ મા આદ્યશક્તિનું પર્વ નવીન ઉમંગો સાથે આવી રહ્યું છે. ગણપતિનું પર્વ આપણે સૌએ ઉજવ્યું, ગણપતિવિસર્જનના દિને મૉર્નિંગ શાળા રાખીને બાળકો સમેત આપ સૌએ આ પર્વ માણ્યુ હશે એટલું જ નહિ ગણપતિમાંથી તેના પર્વમાંથી કંઈક તો ગ્રહણ કર્યુ જ હશે.

છમાસિક પરીક્ષાઓ માથે આવી રહી છે ત્યારે આ અંકમાં છ માસિક પરીક્ષાનું પ્રશ્નપત્ર પરિરૂપ આપને આપીને બાળકોને અને આપસૌને શિક્ષણમાં અને બાળકોને માર્ગદર્શન આપવામાં મદદરૂપ બનવાનો પ્રયત્ન કર્યો છે. સ્કુલ ગ્રેડેશનનો કાર્યક્રમ આવી રહ્યો છે તે આપે વર્તમાનપત્રોમાં વાંચ્યું હશે. વિજ્ઞાનમેળાઓ ઉજવી તેમાં કંઈ જાણી-માણીને હવે આ દિશામાં નક્કર ડગલાં ભરીયે.

બાળકને વ્યવહારૂ અને જીવનલક્ષી કેળવણી આપવી છે ત્યારે પરીક્ષા એ માત્ર બાળકોની યાદશક્તિની ચકાસણી ન કરતાં તેની સમજશક્તિની ચકાસણી કરે તેવાં પ્રશ્નપત્રો તૈયાર કરવાનો જિલ્લાના તજજ્ઞ મિત્રોએ પ્રયત્ન કર્યો છે. તેને પણ આવકારૂ છું અને આનંદ વ્યક્ત કરું છું પરીક્ષા પૂર્ણ થયા બાદ તાલીમો પણ યોજાશે ત્યારે શિક્ષણની ગુણવત્તાનું સર્વવ્યાપીકરણ કરવામાં આપનાં ઉમદા સૂચનો મળશે તો તેને આવકારી મૈત્રીના માધ્યમથી આપણા સહપંથીઓને મદદરૂપ બનવાનો પ્રયત્ન જરૂરથી કરીશું.

**આર. ડી. વણકર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

સ્વર્ણિમ ગુજરાત
૧૯૬૦-૨૦૧૦

# તંત્રી સ્થાનેથી




આત્મીય સહકર્મીઓ,

ગજાનન ગણપતિનું પર્વ આપણે ઉજવ્યું, માણ્યુ અને તેમાંથી કંઈક શીખ્યા. ગણિત વિજ્ઞાન પ્રદર્શનની તૈયારીઓ કરી કૃતિઓ રજૂ કરી બાળકોમાં પડેલી સર્જનાત્મકતા અને સુષુપ્તશક્તિને ઉજાગર કરવાનો આપ સૌ મિત્રોએ પ્રયત્ન કર્યો તેનો ખૂબ જ આનંદ છે.

શિક્ષક એ સમાજની પ્રાણવાન અવસ્થાનો અગ્ર હિસ્સો છે. શિક્ષક બદલાતા સમાજ બદલાય છે કારણ કે શિક્ષક એતો સામાજિક પરિવર્તનનો દૂત છે તે ધારે તેવા સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. દેશનું ચિંતન અને ચરિત્ર તેની દશા અને દિશા બદલવામાં શિક્ષક એ સમર્થ પરિબળ છે.

પાંચમી સપ્ટેમ્બરે મુખ્યમંત્રી સાથેની સીધી વાતચીતમાં નાના ભૂલકાંઓએ સમાજની આંખો ઉઘડી જાય તેવા પ્રશ્નો અને વિચારો મૂક્યા. વિદ્યાર્થીઓની ગોખણપટ્ટીને પ્રાધાન્ય આપતાં અને તેઓની યાદશક્તિની ચકાસણી કરતા પ્રશ્નપત્રના પરિરૂપને બદલે તેઓની સમજશક્તિ તેમજ વૈચારિક અને માનસિક, સામાજિક, શૈક્ષણિક વિભાવનાઓની ચકાસણી કરે તેવું પ્રશ્નપત્ર બનાવવા તરફ આપણે જઈ રહ્યા છીએ અને તેના ભાગરૂપે છ માસિકના પ્રશ્નપત્રો તૈયાર કરવાનો પ્રયત્ન જિલ્લાના તજજ્ઞો દ્વારા થયો છે તે ખૂબજ આવકારદાયક છે. આ પ્રશ્નપત્રનું પરિરૂપ પણ આ અંકમાં આપના દિશાસૂચન અને માર્ગદર્શન માટે આપેલ છે.

ડાયટે નિર્મળ ગુજરાત, નિરોગી બાળ વર્ષ, સ્કાઉટ-ગાઈડ, જેવા અનેક પ્રયોગોને આવકારી તેની તાલીમો પણ યોજી છે ત્યારે તમામ બાળદેવો અને આપની મનદુરસ્તી અને તંદુરસ્તી ઉચ્ચ કોટિની જળવાઈ રહે અને મારી શાળા મને ગમે, અમને ગમે, સૌને ગમેની ભાવનાને શિક્ષણની ગુણવત્તાની સાથોસાથ ઉજાગર થાય તેવાં કતૃત્વો કરીએ

એજ અભ્યર્થના સાથે.

**ડો. એ. વી. પટેલ**
**તંત્રી ''મૈત્રી''**
**ડાયટ, સંતરામપુર**

# ધોરણ-૩ થી ૭ સત્રાંત કસોટી પ્રશ્નપત્રનું માળખું (બ્લ્યૂ પ્રિન્ટ મુજબ)

સંકલન : શ્રી આર. કે. પટેલ સિ.લે., ડાયટ, સંતરામપુર

## ધોરણ-૩ — વિષય : ગુજરાતી

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ફાળવેલ ગુણભાર |
|---|---|---|
| ૧ | નિબંધ | ૧૦ |
| ૨ (અ) | પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં | ૦૬ |
| ૨ (બ) | પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યમાં | ૦૪ |
| ૩ (અ) | વાક્યો કોણ બોલે છે, અને કોને કહે છે. | ૦૫ |
| ૩ (બ) | મુખપાઠ કરેલી કાવ્યની પાંચ પંક્તિ-લેખન | ૦૫ |
| ૪ (અ) | સમાનાર્થી શબ્દો | ૦૨ |
| ૪ (બ) | વિરોધી શબ્દો | ૦૨ |
| ૪ (ક) | શબ્દ સમૂહ માટે એક શબ્દ | ૦૨ |
| ૪ (ડ) | જોડણી સુધારો | ૦૨ |
| ૪ (ઈ) | શબ્દોના અર્થ | ૦૨ |
| ૫ (અ) | શબ્દોકોષના ક્રમ મુજબ લખો. | ૦૬ |
| ૫ (બ) | વાક્યો જોઈને ફરીથી લખો. | ૦૪ |
| | કુલગુણ | ૫૦ |

## ધોરણ-૩ — વિષય : ગણિત

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ફાળવેલ ગુણભાર |
|---|---|---|
| ૧ | ખાલી જગ્યાઓ | ૮ |
| ૨ | માગ્યા મુજબ કરો. (સંખ્યાજ્ઞાન) | ૧૦ |
| ૩ | દાખલા ગણો (અ) સરવાળા (બ) બાદબાકી (ક) ગુણાકાર | ૧૨ |
| ૪ | દાખલા ગણો (વ્યવહારુ) (અ) સરવાળા (બ) બાદબાકી | ૧૬ |
| ૫ | માગ્યા મુજબ કરો. | ૦૪ |
| | કુલ ગુણ | ૫૦ |

## ધોરણ-૩ — વિષય : પર્યાવરણ

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ફાળવેલ ગુણભારાંક |
|---|---|---|
| ૧ (અ) | યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. | ૫ |
| ૨ (બ) | ખોટા વિકલ્પ ઉપર લીટી દોરો | ૫ |
| ૨ | પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં લખો. | ૧૦ |
| ૩ (અ) | વર્ગીકરણ કરો | ૫ |
| ૩ (બ) | યોગ્ય જોડકાં જોડો | ૫ |

| | | |
|---|---|---|
| ૪ (અ) | ખરા-ખોટાં વિધાન સામે ✔ ની ✕ ની નિશાની | ૫ |
| ૪ (બ) | મને ઓળખી મારું નામ લખો | ૫ |
| ૫ | માગ્યા મુજબ પ્રશ્નોના મુજબ લખો. | ૧૦ |
| | કુલ | ૫૦ |

**ધોરણ-૪** **વિષય : ગુજરાતી**

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ફાળવેલ ગુણભાર |
|---|---|---|
| ૧ | નિબંધ લેખન | ૦૮ |
| ૨ | વાર્તા લેખન | ૦૭ |
| ૩ (અ) | પ્રશ્નોના જવાબ | ૧૦ |
| ૩ (બ) | વાક્યો કોણ બોલે છે, અને કોને કહે છે. | ૦૫ |
| ૪ (અ) | યોગ્ય જોડકાં | ૦૫ |
| ૪ (બ) | મુખપાઠ કરેલી કવિતાની પાંચ પંક્તિ લેખન | ૦૫ |
| ૫ (અ) | સાચી જોડણી | ૦૨ |
| ૫ (બ) | શબ્દોના અર્થ | ૦૨ |
| ૫ (ક) | વિરુદધ અર્થવાળા શબ્દો | ૦૨ |
| ૫ (ડ) | સમાન અર્થવાળા શબ્દો | ૦૨ |
| ૫ (ઈ) | શબ્દ સમૂહ માટે એક શબ્દ | ૦૨ |
| | કુલ | ૫૦ |

**ધોરણ-૪** **વિષય : ગણિત**

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ફાળવેલ ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | ખાલી જગ્યાઓ પૂરો | ૧૦ |
| (બ) | ખરાં કે ખોટા વિધાનો જણાવો. | ૫ |
| ૨ (ક) | સરવાળો કરો | ૬ |
| (ખ) | બાદબાકી કરો | ૬ |
| ૩ (અ) | ગુણાકાર કરો | ૪ |
| (બ) | ભાગાકાર કરો | ૨ |
| ૪ (૧) | દાખલા-સરવાળો | |
| (૨) | દાખલા-બાદબાકી | |
| (૩) | દાખલા-ગુણાકાર | ૮ |
| (૪) | દાખલા-ભાગાકાર | |
| ૫ (અ) | મને ઓળખો હું કોણ છું | ૪ |
| (બ) | સંકેતમાં લખો | ૩ |
| (ક) | રેખાખંડ દોરો | ૨ |
| | કુલ ગુણભાર | ૫૦ |

| ધોરણ-૪ | | વિષય : પર્યાવરણ |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ફાળવેલ ગુણભાર |
| ૧ (અ) | માગ્યા મુજબ જવાબ | ૦૫ |
| ૧ (બ) | વાક્યા સાચું બનાવો | ૦૫ |
| ૨ | ખાલી જગા પૂરો | ૦૫ |
| ૩ (અ) | ટૂંકમાં જવાબ લખો. | ૧૦ |
| ૩ (બ) | એક વાક્યમાં જવાબ | ૦૫ |
| ૪ (અ) | વિભાગ-અ અને બે જોડી ખાલી જગા ભરો. | ૦૫ |
| ૫ (અ) | ખરા ખોટાની નિશાની કરી ખોટા વિધાન સુધારી ફરીથી લખો. | ૧૦ |
| ૫ (બ) | માગ્યા પ્રમાણે ગોળ ૦ કરી ખાલી જગામાં લખો. | ૦૫ |
| | કુલ ગુણ | ૫૦ |

| ધોરણ-૫ | | વિષય : ગુજરાતી |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ગુણભાર |
| ૧ (અ) | નિબંધ લેખન | ૧૦ |
| ૨ (અ) | ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર (ગદ્ય) | ૬ |
| (બ) | બે-ત્રણ વાક્યમાં ઉત્તર (પદ્ય) | ૬ |
| ૩ (અ) | વિધાનો કોણ કોને કહે છે ? | ૫ |
| (બ) | કાવ્યપૂર્તિ કરો | ૫ |
| ૪ (અ) | સમાનાર્થી | ૨ |
| (બ) | વિરોધી શબ્દો | ૨ |
| (ક) | જોડણી સુધારો | ૨ |
| (ડ) | રૂઢિપ્રયોગો ના અર્થ | ૨ |
| (ઇ) | ક્રિયાપદ ઓળખો. | ૨ |
| (ઈ) | નામપદ ઓળખો | ૨ |
| ૫ (ક) | જોડકા જોડો | ૨ |
| (ખ) | શબ્દોના અર્થભેદ | ૨ |
| (ગ) | ખાલી જગ્યા પૂરો | ૨ |
| | કુલ ગુણ | ૫૦ |

| ધોરણ-૫ | | વિષય : ગણિત |
|---|---|---|
| પ્રશ્ન ક્રમ | પ્રશ્નોની વિગત | ફાળવેલ ગુણ |
| ૧ | નીચેનામાંથી ગમે તે દસ ખાલી જગ્યા પૂરો. (ગમે તે દસ) | ૧૦ |
| ૨ (અ) | દાખલા ગણો (ગમે તે બે) | ૮ |
| (બ) | દાખલા ગણો (ગમે તે બે) | ૮ |
| ૩ | નીચેનાંમાંથી ગમે તે ત્રણ દાખલા ગણો. | ૧૨ |

| | | |
|---|---|---|
| ૪ | દાખલા ગણો (ગમે તે બે) | ૬ |
| ૫ | કોઈ પણ બે આકૃતિ દોરો | ૬ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૫** **વિષય : વિજ્ઞાન અને ટેક્નોલોજી**

| પ્રશ્નક્રમાંક | પ્રશ્નની વિગત | કુલ ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | ખાલી જગ્યા પૂરો (બ) યોગ્ય જોડકાં જોડો | ૧૦ |
| ૨ | એક વાક્યમાં જવાબ લખો. | ૧૦ |
| ૩ | પ્રશ્નોના જવાબ લખો | ૧૦ |
| ૪ (અ) | તફાવતના બે મુદ્દા લખો (બ) હેતુલક્ષી પ્રશ્નો | ૮ |
| ૫ (અ) | હેતુલક્ષી (વર્ગીકરણ કરો) (પ) વૈજ્ઞાનિક કારણો આપો | |
| (ક) | વિધાનો ખરાં-ખોટાં જણાવો | ૧૨ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૫** **વિષય : હિન્દી**

| प्रश्न क्रम | प्रश्नका स्वरुप | गुण |
|---|---|---|
| १ (अ) | अंकोमें लिखो | २ |
| (ब) | शब्दों में लिखो | २ |
| (क) | समानार्थी शब्द | २ |
| (ड) | विरोधी शब्द | २ |
| (ड़) | शब्दों को शब्द बोध क्रम में लिखना | २ |
| २ (अ) | कंठस्थ की हुई कविता की प्रथम चार पंक्तियां | ४ |
| (ब) | मातृभाषा में अनुवाद | ३ |
| (क) | हिन्दी में अनुवाद | ३ |
| ३ | पाँच-प्रश्नों का उत्तर (गद्य) | १० |
| ४ | पाँच-प्रश्नों का उत्तर (पद्य) | १० |
| ५ (अ) | १० वाक्यों में निबंध लेखन | ६ |
| (ब) | कोष्ठक के आधार पर खाली जगह | ४ |
| | कुल गुण | ५० |

**ધોરણ-૫** **વિષય : સામાજિક વિજ્ઞાન**

| પ્રશ્નક્રમાંક | પ્રશ્નની વિગત | કુલ ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | ટૂંકમાં જવાબ આપો. | ૪ |
| (બ) | ટૂંકમાં પરિચય આપો | ૬ |
| ૨ (અ) | ખાલી જગ્યા પૂરો | ૫ |
| (બ) | જોડકાં ગોઠવો | ૫ |
| ૩ (અ) | ટૂંકમાં જવાબ આપો | ૫ |
| (બ) | ખાલી જગ્યા પૂરો | ૫ |
| ૪ (અ) | ટૂંકમાં જવાબ આપો. | ૫ |
| (બ) | ખાલી જગ્યા પૂરો | ૫ |

| | | |
|---|---|---|
| ૫ (અ) | મને ઓળખી બતાવો | ૪ |
| (બ) | ભૌગોલિક કારણો આપો. | ૬ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૫** **વિષય : અંગ્રેજી**

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નોની વિગત | ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | જોડકાં જોડો | ૫ |
| (બ) | જોડકાં જોડો | ૫ |
| ૨ | ખાલી જગ્યા પૂરો | ૧૦ |
| ૩ (અ) | નામ અંગ્રેજીમાં લખો | ૫ |
| (બ) | .......ના નામ અંગ્રેજીમાં લખો | ૫ |
| ૪ (અ) | સૂચના પ્રમાણે લખો. | ૫ |
| (બ) | વૈકલ્પિક પ્રશ્નો | ૫ |
| ૫ | ચિત્ર જોઈ વાક્ય બનાવો | ૧૦ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૫** **વિષય : સ્વા. અને શા. શિક્ષણ**

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત (સૂચના) | ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | નીચે આપેલા વિધાનો માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પની સંજ્ઞા વિધાનની આગળ આપેલા ☐ માં લખો. | ૫ |
| (બ) | નીચેનામાંથી ગમે તે પાંચ ખાલી જગ્યા પૂરો. | ૫ |
| ૨ | નીચેના પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે પાંચ) | ૧૦ |
| ૩ | નીચે આપેલા (અ) અને (બ) વિભાગને યોગ્ય રીતે | |
| | ગોઠવી ફરીથી લખો. | ૧૦ |
| ૪ | નીચે આપેલા વિધાનોમાં ખરાંની સામે ✔ ની અને ખોટાંની | |
| | સામે ✕ ની નિશાની કરો. | ૧૦ |
| ૫ (અ) | નીચેનામાંથી ગમે તે બે વિશે સમજૂતી આપો. | ૦૬ |
| (બ) | નીચેનામાંથી ગમે તે બે આદેશ સમજાવો. | ૦૪ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૬** **વિષય : ગુજરાતી**

| પ્રશ્નક્રમાંક | પ્રશ્નની વિગત | ગુણભાર |
|---|---|---|
| ૧ | નિબંધલેખન | ૧૦ |
| ૨ | મુદ્દા પરથી વાર્તા અને પંક્તિનો ભાવાર્થ સમજાવો. | ૦૬ |
| ૩ (અ) | પ્રશ્નોના જવાબ લખો. (ગદ્ય) | ૦૬ |
| (બ) | એક વાક્યમાં જવાબ લખો. (ગદ્ય) | ૦૪ |
| (ક) | વિધાનો કોણ-કોને કહે છે (ગદ્ય) | ૪ |

| | | |
|---|---|---|
| ૪ (અ) | પ્રશ્નોના જવાબ લખો. (પદ્ય) | ૦૬ |
| (બ) | કંઠસ્થ કરેલ કાવ્યપંક્તિઓ લખો. | ૦૪ |
| ૫ (અ) | જોડણી સુધારો | ૦૧ |
| (બ) | સમાનાર્થી શબ્દ લખો. | ૦૧ |
| (ક) | વિરુદ્ધાર્થી શબ્દ લખો. | ૦૧ |
| (ડ) | શબ્દસમૂહ માટે એક શબ્દ | ૦૨ |
| (ઇ) | રૂઢિપ્રયોગના અર્થ અને વાક્યમાં પ્રયોગ | ૦૨ |
| (ઈ) | શબ્દકોશ-પ્રમાણે ગોઠવણી | ૦૨ |
| (ઉ) | નામ અને વિશેષણ શોધો. | ૦૧ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૬ — વિષય : ગણિત**

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત (સૂચના) | ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | નીચેની ખાલી જગ્યાઓ પૂરો (ગમે તે પાંચ) | ૦૫ |
| (બ) | ગણતરી કરીને ખાલી જગ્યાઓ પૂરો. (ગમે તે પાંચ) | ૦૫ |
| ૨ (અ) | નીચેના દાખલા ગણો (ગમે તે ત્રણ) | ૦૯ |
| (બ) | માંગ્યા મુજબ જવાબ આપો. (ગમે તે બે) | ૦૪ |
| ૩ (અ) | જોડકાં જોડો | ૦૫ |
| (બ) | સ્તંભાલેખ દોરો | ૦૫ |
| ૪ (અ) | વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો. | ૫ |
| (બ) | આકૃતિ પરથી પ્રશ્નોનાં જવાબ આપો. | ૦૪ |
| ૫ (અ) | વ્યાખ્યા આપો. (ગમે તે બે) | ૦૪ |
| (બ) | નીચેના દાખલા ગણો (ગમેતે બે) | ૪ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૬ — વિષય : વિજ્ઞાન અને ટેક્નોલોજી**

| પ્રશ્નક્રમાંક | પ્રશ્નની વિગત | ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | વિકલ્પ ખાલી જગ્યા | ૫ |
| (બ) | યોગ્ય જોડકાં જોડો | ૫ |
| ૨ (અ) | એક વાક્યમાં જવાબ | ૫ |
| (બ) | નામનિર્દેશ આકૃતિ | ૩ |
| ૩ (અ) | આકૃતિસહ પ્રયોગ | ૫ |
| (બ) | વ્યાખ્યા | ૩ |
| ૪ (અ) | વૈજ્ઞાનિક કારણો | ૬ |
| (બ) | તફાવત | ૪ |
| ૫ (અ) | ટૂંક જવાબી પ્રશ્નો | ૬ |

| | | |
|---|---|---|
| (બ) | ખરાં-ખોટા વિધાનો | ૪ |
| (ક) | વર્ગીકરણ | ૪ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૬ વિષય : હિન્દી**

| प्रश्न क्रम | प्रश्न का स्वरुप | गुण |
|---|---|---|
| १ (क) | समानार्थी शब्द | २ |
| (ख) | विरोधी शब्द | २ |
| (ग) | लिंग बदलो | २ |
| (घ) | वचन बदलो | २ |
| (च) | सही अर्थ जोड़कर लिखे | २ |
| २ (क) | कंठस्थ काव्य की चार पंक्तियाँ | ३ |
| (ख) | मातृभाषामें अनुवाद | ३ |
| (ग) | राष्ट्रभाषामें अनुवाद | ३ |
| ३ | प्रश्नों के उत्तर (गद्य) | ८ |
| ४ | प्रश्नों के उत्तर (पद्य) | ८ |
| ५ (अ) | निबंध लेखन | ६ |
| (ब) | परिच्छेदके आधार पर प्रश्नों के उत्तर | ४ |
| (क) | कहानी लेखन | ४ |
| | कुल गुण | ५० |

**ધોરણ-૬ વિષય : સામાજિક વિજ્ઞાન**

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ફાળવેલ ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | એકવાક્યમાં જવાબ | ૪ |
| (બ) | ત્રણથી ચાર વાક્યમાં જવાબ | ૬ |
| ૨ (અ) | જોડકાં | ૫ |
| (બ) | ખાલી જગ્યા | ૫ |
| ૩ (અ) | ટૂંકજવાબી પ્રશ્નો | ૫ |
| (બ) | ટૂંકનોંધ | ૫ |
| ૪ (અ) | ખાલી જગ્યા | ૫ |
| (બ) | ટૂંકનોંધ | ૫ |
| ૫ (અ) | એકવાક્યમાં જવાબ | ૫ |
| (બ) | મને ઓળખી મારૂ નામ લખો. | (૫) |
| | કુલ ગુણ | ૫૦ |

| ધોરણ-૬ | | વિષય : અંગ્રેજી |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નોની વિગત | ગુણભાર |
| ૧ | શબ્દો / ચિત્રોની મદદથી પાંચ વાક્યો લખો. | ૧૦ |
| ૨ | ફકરાના આધારે પ્રશ્નોના જવાબ આપો. | ૧૦ |
| ૩ (અ) | કોણ બોલે છે ? | ૫ |
| (બ) | શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો. | ૫ |
| ૪ | ખાલી જગ્યા પૂરો. | ૧૦ |
| ૫ (અ) | યોગ્ય વિરામ ચિહ્નોનો ઉપયોગ કરી વાક્યો ફરીથી લખો. | ૫ |
| (બ) | મુળાક્ષરથી શરૂ થતા શબ્દ લખો. | ૫ |
| | કુલગુણ | ૫૦ |

| ધોરણ-૬ | | વિષય : સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ગુણ |
| ૧ | ખાલી જગ્યા પૂરો | ૧૦ |
| ૨ | (અ) ટૂંકમાં જવાબ આપો. | ૫ |
| | (બ) જોડકાં જોડો. | ૫ |
| ૩ | મુદ્દાસર જવાબ આપો. | ૧૦ |
| ૪ | ખરાં-ખોટા | ૧૦ |
| ૫ | ટૂંકનોંધ લખો. | ૧૦ |
| | કુલગુણ | ૫૦ |

| ધોરણ-૭ | | વિષય : ગુજરાતી |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્ન સ્વરૂપ / પ્રકાર | કુલગુણ |
| ૧ | નિબંધ | ૮ |
| ૨ (અ) | મુદ્દા પરથી વાર્તા અથવા પત્ર | ૬ |
| (બ) | કાવ્ય પંક્તિનો ભાવાર્થ સમજાવો | ૪ |
| ૩ (અ) | પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. | ૪ |
| (બ) | પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર | ૦૨ |
| (ક) | વિધાનો કોણ બોલે છે કોને કહે છે. | ૦૪ |
| ૪ (અ) | પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. | ૦૪ |
| (બ) | પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર | ૦૨ |
| (ક) | કાવ્ય પંક્તિ પૂર્ણ કરો | ૦૪ |
| ૫ | વ્યાકરણ (સૂચના મુજબ લખો) | |
| (અ) | સમાનાર્થી શબ્દો લખો | ૦૨ |
| (બ) | વિરુદ્ધાર્થી શબ્દો લખો. | ૦૨ |
| (ક) | સાચી જોડણી લખો | ૦૨ |

| | | |
|---|---|---|
| (ડ) | શબ્દસમૂહ માટે એકશબ્દ | ૦૨ |
| (ઈ) | રૂઢિપ્રયોગ અર્થ-વાક્ય પ્રયોગ | ૦૨ |
| (ઈ) | સંજ્ઞાના પ્રકાર જણાવો. અથવા શબ્દને શબ્દકોશના ક્રમમાં ગોઠવો | ૨ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૭** **વિષય : ગણિત**

| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નોની વિગત | ગુણભાર |
|---|---|---|
| ૧ | ખાલી જગ્યા પૂરો | ૧૨ |
| ૨ | દાખલા ગણો | ૧૨ |
| ૩ | દાખલા ગણો | ૧૨ |
| ૪ | દાખલા ગણો | ૬ |
| ૫ (અ) | ખાલી જગ્યા પૂરો | ૩ |
| (બ) | જોડકા જોડો | ૫ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૭** **વિષય : વિજ્ઞાન અને ટેક્નોલોજી**

| પ્રશ્નક્રમાંક | પ્રશ્નની વિગત | કુલ ગુણભાર |
|---|---|---|
| ૧ (અ) | (અ) ખાલી જગ્યા પૂરો. | ૫ |
| | (બ) જોડકાં જોડો. | ૫ |
| ૨ (અ) | એક વાક્યમાં જવાબ લખો. | ૬ |
| (બ) | તફાવતના મુદ્દા લખો. | ૪ |
| ૩ (અ) | ખરાં-ખોટાં વિધાન જણાવો | ૬ |
| (બ) | શબ્દોની વૈજ્ઞાનિક સમજ આપો. | ૪ |
| ૪ (અ) | મુદ્દાસર જવાબ લખો. | ૬ |
| (બ) | ટૂંકનોંધ લખો. | ૪ |
| ૫ (અ) | આકૃતિ સહ વર્ણન કરો. | ૫ |
| (બ) | વર્ગીકરણ કરો | ૫ |
| | કુલ ગુણ | ૫૦ |

**ધોરણ-૭** **વિષય : હિન્દી**

| | | |
|---|---|---|
| १. | सुचना के अनुसार लिखों (व्याकरण) | १० |
| २ (अ) | किसी-एक काव्य की लगातार चार पंक्तियाँ लिखें । | ४ |
| (ब) | मातृभाषा में अनुवाद किजीए । | ३ |
| (क) | राष्ट्रभाषा में अनुवाद किजीए । | ३ |
| ३ | प्रश्नों के उत्तर लिखो (किन्ही चार) (गद्य) | ८ |
| ४ | प्रश्नों के उत्तर लिखों (किन्ही चार) (पद्य) | ८ |
| ५ (अ) | किसी एक विषय पर दश-बारह वाक्य में निबंध लिखो । | ६ |
| (ब) | रुपरेखा के आधार पर कहानी लिखो । | ४ |
| (क) | गद्यांश मो पढ़कर प्रश्नों के उत्तर लिखो । | ४ |
| | कुल गुण | ५० |

| ધોરણ-૭ | વિષય : સામાજિક વિજ્ઞાન | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્ન સ્વરૂપ / પ્રકાર | પ્રશ્નના ગુણ |
| ૧ | યોગ્ય શબ્દો વડે ખાલી જગા પૂરો. | ૧૦ |
| ૨ (અ) | નીચેના પ્રશ્નો પૈકી પાંચ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. | ૧૦ |
| (બ) | ચારથી પાંચ વાક્યોમાં પરિચય આપો | ૬ |
| ૩ (અ) | એક-એક વાક્યમાં જવાબ લખો. | ૧૦ |
| (બ) | જોડકાં જોડો | ૪ |
| ૪ | ટૂંકમાં જવાબ લખો. | ૧૦ |
| | કુલગુણ | ૫૦ |

| ધોરણ-૭ | વિષય : અંગ્રેજી | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્ન સ્વરૂપ / પ્રકાર | પ્રશ્નના ગુણ |
| ૧ (અ) | કૌંસમાં આપેલા ક્રિયાપદોના યોગ્ય રૂપ વડે ખાલી જગ્યા પૂરો. | ૫ |
| (બ) | યોગ્ય વિરામચિહ્નો અને કેપિટલ અક્ષરો મૂકી નીચેનો ફકરો ફરીથી લખો. | ૫ |
| ૨ | આપેલા શબ્દોનો ઉપયોગ કરી નીચેનામાંથી કોઈપણ એક વિષય પર | |
| | પાંચથી સાત વાક્યો લખો. (ગમે તે એક) | ૧૦ |
| ૩ | નીચેના પ્રશ્નોના જવાબ આપો. (ગમે તે પાંચ) | ૧૦ |
| ૪ (અ) | આપેલા શબ્દો કોઠામાંથી શબ્દ શોધી તેના પર ઉદાહરણ મુજબ વર્તુળ દોરો | ૬ |
| (બ) | નીચેના શબ્દોના વિરૂદ્ધાર્થી શબ્દ લખો. | ૨ |
| (ક) | નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો. | ૨ |
| ૫ | Do અથવા Does નો ઉપયોગ કરી પ્રશ્ન બનાવો. | ૧૦ |
| | કુલ ગુણ | ૫૦ |

| ધોરણ-૭ | વિષય : સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | પ્રશ્ન પ્રકાર | ગુણ |
| ૧ | ખાલી જગ્યા પૂરો (ગમે તે દશ) | ૧૦ |
| ૨ | નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે પાંચ) | ૧૦ |
| ૩ (અ) | યોગ્ય જોડકાં જોડો (ગમે તે પાંચ) | ૫ |
| (બ) | નીચેનામાંથી ગમે તે એક વિધાન સમજાવો. | ૫ |
| ૪ | નીચેના શ્લોક અને સુભાષિતનું ભાષાંતર કરી ગુજરાતીમાં અર્થ સમજાવો. | ૧૦ |
| ૫ | ખરા-ખોટા જણાવો. ખોટા હોય તો સુધારી ફરી લખો. (ગમે તે દશ) | ૧૦ |
| | કુલ ગુણ | ૫૦ |

# ગુજરાતના મુખ્ય મેળા અને ઉત્સવો

સંકલન : ડૉ. એ.વી. પટેલ
તંત્રી "મૈત્રી"

| પ્રસંગ | સ્થળ | માસ |
|---|---|---|
| પતંગોત્સવ | સમગ્ર ગુજરાત | ૧૪ જાન્યુઆરી |
| નૃત્ય મહોત્સવ | મોઢેરા | જાન્યુઆરી |
| કચ્છ-ઉત્સવ | કચ્છ | જાન્યુ/ફેબ્રુ |
| ભવનાથનો મેળો | જૂનાગઢ | માર્ચ-(શિવરાત્રી) |
| ડાંગ-દરબાર | આહવા | માર્ચ |
| હોળી (રંગોત્સવ) | ગુજરાત (ડાકોર) | માર્ચ |
| ચિત્ર-વિચિત્રનો મેળો | ગુણભાખર (પોશીના) | માર્ચ-એપ્રિલ |
| રથયાત્રા | અમદાવાદ | જુલાઈ |
| જન્માષ્ટમી | દ્વારકા-ડાકોર | ઓગસ્ટ |
| તરણેતરનો મેળો | તરણેતર | ઓગસ્ટ-સપ્ટે |
| રવેચીનો મેળો | નાનારેવા (રાપર) | ઓગસ્ટ-સપ્ટે |
| ભાદરવી પૂર્ણિમા મેળો | અંબાજી | સપ્ટેમ્બર |
| નવરાત્રિ મહોત્સવ | સમગ્ર ગુજરાત | ઓક્ટોમ્બર |
| દિપાવલી મહોત્સવ | સમગ્ર ગુજરાત | ઓક્ટોમ્બર |
| વૌઠાનો મેળો | વૌઠા | નવેમ્બર |
| શામળાજીનો મેળો | શામળાજી | નવેમ્બર |

**લોકમેળા :**

ગુજરાતના લોકમેળાઓ પ્રવાસીઓના અનેરા આકર્ષણનું કેન્દ્ર વર્ષોથી રહ્યું છે. તેમાંય સૌરાષ્ટ્રનો સૌથી પ્રસિદ્ધ તરણેતરનો લોકમેળો શીરમોર છે. સામાન્ય રીતે ભાદરવા સુદ ચોથ-પાંચમ અને છઠ્ઠના દિવસોમાં સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં ત્રિનેત્રશ્વરના મંદિર પાસે આ મેળો ભરાય છે. જેમાં અંદાજે પાંચથી સાત લાખ જેટલા લોકો આવે છે. અહીં ભરત ગૂંથેલી છત્રીઓનું આગવું આકર્ષણ છે. અહીં યોજાતા ગરબા અને રાસ એ ગરવા ગુજરાતની લોકસંસ્કૃતિની આગવી ભાત પાડે છે.

રાજ્યમાં પ્રવાસન પરિયોજનાનો વ્યાપક પ્રચાર-પ્રસાર થાય તે માટે જુદા જુદા સ્થળોએ ભરાતા મેળામાં રાજ્ય સરકારનો પ્રવાસન નિગમ ભાગ લે છે. જેમાં દ્વારકા ખાતે જન્માષ્ટમીનો મેળો, અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો, સોમનાથ, શામળાજી, વૌઠા, અને સિદ્ધપુર ખાતે યોજાતો કાર્તિક પૂર્ણિમાનો મેળો, ડાંગ ખાતે ડાંગ દરબાર જેવા પ્રસંગોએ આવતા પ્રવાસીઓને પ્રવાસન અંગેની માહિતી પૂરી પાડી ભોજન-આવાસ અને પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**મહોત્સવો :**

ઉત્સવો અને મહોત્સવોની ઊજવણી એ ગુજરાતની આગવી પહેચાન છે. તે ગુજરાતની લોસસંસ્કૃતિની સુવાસ છે. ગુજરાતમાં યોજાતા વિવિધ ઉત્સવો પૈકી કેટલાક ધ્યાનાકર્ષક ઉત્સવોનો ઉલ્લેખ સહેજે કરવાનું મન થઈ જાય. આ ઉત્સવો પ્રવાસીઓને મન મોજનું - મજાનું માધ્યમ છે.

**ઉત્તરાર્ધ મહોત્સવ - મોઢેરા :**

મહેસાણા જિલ્લામાં મોઢેરામાં આવેલા ૧૧ મી સદીના સૂર્યમંદિરમાં પ્રતિવર્ષ જાન્યુઆરી મહિનામાં

નૃત્યોત્સવ ઊજવવામાં આવે છે. આ નૃત્યોત્સવ ઉત્તરાર્ધ મહોત્સવ તરીકે હિન્દુસ્તાનભરમાં મશહુર છે. આ નૃત્યોત્સવમાં દેશ-વિદેશના જાણીતા કલાકારો પોતાની અદ્‌ભૂત કલાનું પ્રદર્શન કરી સૂર્યમંદિરના નૃત્યોત્સવને પ્રતિવર્ષ રસસભર બનાવે છે અને સહેલાણીઓ માટે તે યાદગાર નજરાણું બની જાય છે.

**પતંગોત્સવ :**

વાયબ્રન્ટ ગુજરાત પતંગોત્સવ એ ગુજરાતની ખમીરવંતી પ્રજાની ઓળખ બની ગયો છે. સૂર્ય ઉપાસનાની સાંસ્કૃતિક પરંપરાની અનુભૂતિ કરાવતા આ ઉત્સવમાં ઉમટી પડતા ગુજરાતી-બિનગુજરાતી પતંગબાજો, દેશ-વિદેશથી આવેલા સહેલાણીઓ બિનનિવાસી ભારતીયો માટે આ ઉત્સવ એક અનોખો અવસર બની જાય છે. સાંજે અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો-મનોરંજન કાર્યક્રમો તથા શાસ્ત્રીય નૃત્યો તેમજ ગીત-સંગીતની રમઝટ બોલે છે. ૨૦૦૬ના પતંગોત્સવમાં ૨૧ દેશોમાંથી ૫૯ પતંગબાજો આવ્યા હતા. વિદેશી પતંગબાજોની સંખ્યામાં પ્રતિવર્ષ વધારો થતો જાય છે, એજ બતાવી આપે છે કે ગુજરાત સરકારે આ પર્વને ગુજરાતના સીમાડાઓના પેલેપારથી સહેલાણીઓને આકર્ષીને ગુજરાતની આર્થિક, સામાજિક, ઔદ્યોગિક વિકાસની ગતિને તેજીલી તોખાર બનાવી છે.

**શરદોત્સવ :**

કચ્છનું રણ વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. કચ્છી માડુની આગવી શૈલી, ધોળાવીરાની હરપ્પન સંસ્કૃતિની વિશેષતાઓએ કચ્છને પ્રવાસનનું મહત્વનું કેન્દ્ર બનાવ્યું છે. કચ્છની ભાતીગળ પરંપરાઓ-પ્રણાલિકાગત હસ્તકલાઓને નિખારતા કલા કસબીઓની વિવિધ કલાકારી અને કસબથી શોભતી ચીજવસ્તુઓ, શરદપૂર્ણિમાએ ભૂજના હમીરસર તળાવ ફરતે કચ્છી સંસ્કૃતિનો યોજાતો અનોખો વૈભવ દેશ વિદેશના પર્યટકોને આકર્ષે છે.

**રણોત્સવ : ખારાઘોડા**

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા પાસે આવેલા નાના રણને આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધ પ્રાપ્ત થઈ છે. ઈકો ટૂરિઝમના કોન્સેપ્ટ સાથે વિકાસ પામતા આ ક્ષેત્રમાં પ્રવાસીઓને આ પ્રદેશની સ્ફૂર્તિદાયક ચેતનાયાત્રા અને પુનમનાં ચંદ્રની શીતળતા અને કળાનો અનોખો સંગમ અહીં રણમાં માણવાનો લ્હાવો સહેલાણીઓ મેળવે તેવા હેતુથી પ્રતિવર્ષ રાજ્ય સરકાર અહીં રણોત્સવનું આયોજન કરે છે. જેમાં રણની ભવ્યતાના દર્શન કરવા આવતાં વિદેશી પર્યટકો અહીં નાના રણની ભૂમિનો ધબકાર સાંભળે છે. અહીં સહેલાણીઓને મળતો ગુજરાતની પ્રજાનો હૃદયપૂર્વકનો ઉમળકાભર્યો આવકાર ગુજરાતની ગરિમા અને સાંસ્કૃતિક વિરાસતને સુપેરે ઉજાગર કરવા માટે પુરતા છે.

**ઇકો ટુરિઝમ :**

રાજ્યમાં વસતા વિવિધ વન્ય જીવ સૃષ્ટિના સંવર્ધન અને પ્રકૃતિના જતનના ઉમદા હેતુસર વન વિભાગ દ્વારા ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાના રૈયોલીમાંથી મળેલા ડાયનોસોરના અવશેષો, ઈંડાઓ અને ડાયનોસોરની બેનમૂન પ્રતિકૃતિઓ તથા દરિયાઈ જીવ સૃષ્ટિ માટે ગુજરાતના જામનગરના દરિયા કિનારે આવેલા પીરોટન ટાપુઓ પ્રકૃતિ પ્રેમીઓ માટે નિહાળવા લાયક છે. આ ઉપરાંત વન્યજીવ સૃષ્ટિમાં અભ્યારણ્ય, વેળાવદર કાળિયાર અભ્યારણ્ય, રતનમહાલ-રીંછ અભ્યારણ્ય, કચ્છનું ઘુડખર અભ્યારણ્ય, પક્ષીઓ માટે ખિજડીયા બેંક સેંચ્યુરી, જાંબુઘોડા, નળસરોવર, થોળ તળાવમાં પણ જોવા મળે છે. વિવિધ પક્ષીઓ અંગેની જાણકારી અહીં મળી રહે છે.


ઈકો ટૂરિઝમની વિશેષ શક્યતાઓ, સેંચ્યુરી તેમજ નેશનલ પાર્કના વિકાસ માટે રાજ્ય સરકારે વિવિધ પ્રયાસો કર્યા છે. બાળકોમાં પ્રકૃતિના જતન માટે બાળપણથી જ ગુણો કેળવાય તે માટે વિવિધ ક્વિઝ, ચિત્ર અને નિબંધ સ્પર્ધાઓ રાજ્યમાં ઠેરઠેર યોજવામાં આવે છે.

**નવરાત્રિ મહોત્સવ : વિશ્વમાં સૌથી લાંબો નૃત્યોત્સવ**

નવરાત્રિ એટલે નવરાત્રિનો સમૂહ, ભારતની અમૂલ્ય સાંસ્કૃતિક લોકોત્સવની ઊજવણી રાષ્ટ્રના વિવિધ પ્રાંતોની આગવી પરંપરા રહી છે. ભક્તિ અને શક્તિનું જતન કરતો આ તહેવાર ગુજરાતમાં સદીઓથી ઉજવાય છે. "ગરબો" એ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ છે.

ગુજરાતની વિશ્વબંધુત્વની ભાવના, પ્રકૃતિ અને સંસ્કૃતિની સાથોસાથ આતિથ્યભાવથી 'વાયબ્રન્ટ ગુજરાત"ની કલ્પનાથી સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વ પરિચિત થાય તેવી ભાવનાથી નવરાત્રિ મહોત્સવ ઊજવાય છે. વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ "ગુજરાત ગરબા નવરાત્રિ મહોત્સવ" આસો માસના પ્રારંભથી નવ દિવસ સુધી ઊજવાય છે.

# ''શિક્ષણ અને સમાજસેવાની બેવડી ભૂમિકા અદા કરનાર હિરાબેન નીનામાનું જીવન અને કાર્ય''



પારગી અર્જુનસિંહ કે
સી.આર.સી.કો.ઓ.
ઉખરેલી તા. સંતરામપુર,
જિ. પંચમહાલ

હિરાબેન લાલચંદભાઈ નીનામાનો જન્મ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામના સોયડા ફળિયામાં થયો હતો જન્મતાની સાથે માતાની છત્રછાયા ગુમાવી બેઠેલા તેમના પિતાએ પુનઃ લગ્ન કરતાં અપરમાના મ્હેણાં-ટોણાંથી અડધો-અડધ ભુખ્યા રહીને જીવન વિતાવતાં તેમના પિતા સકરાભાઈને દારૂના કેશમાં સંડોવણી થતાં જેલમાં જવું પડેલ આ અરસામાં આદિવાસીઓના મસીહા ઠક્કરબાપા છોકરાઓને ભણાવવા માટે જેસાવાડા આવેલા ત્યારે તેમની દૃષ્ટિ હિરાબેન ઉપર પડતાં થેલામાંથી ચણા કાઢીને ખાવા માટે ઠક્કરબાપાએ હિરાબેનને આપેલ આ ચણા ગોબરમાં પડી જતાં હિરાબેન વિણીને ખાવા લાગ્યા ત્યારે ઠક્કરબાપાએ કહ્યું કે છોડી આ ચણા ના ખવાય આ વખતે વળતો જવાબ હિરાબેન આપ્યો કે હું શું ખાઉં. ઠક્કરબાપાએ કહ્યું કે દિકરી તું મારી સાથે ચાલ હું તને ભણાવીશ અને ખાવાનું આપીશ આવું કહીને ઠક્કરબાપા હિરાબેનને જેસાવાડા આશ્રમશાળા ખાતે લઈ ગયા.

ઠક્કરબાપાએ પહેરવા માટે ઘાઘરી, કબજો અને ઓઢણી સહિત સ્લેટ-પેન લખવા આપી અને તેજાભાઈ પંચાલના ઘેર આશ્રમ પહેલ-વહેલો શરૂ કરેલ ત્યાં હિરાબેનને દાખલ કર્યા સાંજ સવાર તળાવ કિનારે રામધૂન બોલાવવામાં આવતી ત્યારે માથા ઉપરથી ઓઢણી ખસી ગયેલી જેથી એક ટપલી મારી. દિલ્હીથી બે નિરાધાર છોકરાં લાવેલા તેઓની વિશેષ કાળજી લેવા માટે હિરાબેનને સુચન કર્યું.

જોતજોતામાં હિરાબેન ભણવામાં તેજસ્વી સાબિત થતાં ગયા પાંડુરંગ ગોવિંદ વણીકર ગુરુજીના હાથ નીચે પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યુ ઠક્કરબાપાએ ગડોઈ ગામના હિરાબેનના સહાધ્યાયી લાલચંદભાઈ નીનામા જોડે આશ્રમમાં જ લગ્ન કરાવી આદિવાસી સમાજમાં દાખલો બેસાડેલ.

આ અરસામાં ઠક્કરબાપાએ ૧૯૨૯ની સાલમાં હાલના પાકિસ્તાનમાં આવેલ સિંધ થરપારકર ખાતે નવીન આશ્રમશાળા શરૂ કરી ત્યાં જ નવદંપતિની શિક્ષક તરીકે ઠક્કરબાપાએ નિમણુંક કરી હિરાબેન અને તેમના પતિ લાલચંદભાઈ નીનામા સિંધ થરપારકરની શુષ્ક અને મરુભૂમિમાં વસતાં ભીલ, કોળી, મેઘવાળ અને અન્ય બાળકોને શિક્ષણ સાથે સંસ્કાર આપી ભણાવવા લાગ્યા આ અરસામાં હિરાબેનને એક પુત્ર રત્ન અવતર્યો જેણે ભારત અને ચીન યુદ્ધ વખતે ભારતીય વાયુસેનામાં ડૉક્ટર તરીકે સેવા આપી હતી કહેવાય છે કે ગોવિંદભાઈ નીનામા જેવો ડૉક્ટર આદિવાસી સમાજમાં પેદા થવો દુર્લભ છે. કારણ કે તેમની પાસે બીજી અનેક પ્રકારની ઉપાધીઓ મેળવેલ હોવાથી ભારત સરકારે તેમનું સન્માન કરેલ પાછળ જતાં ગોધરાની સીવીલ હોસ્પિટલમાં તેમણે ડૉક્ટર તરીકે ફરજ બજાવી હતી.

હિરાબેનના પતિ ૧૯૫૨માં મુંબઈ રાજ્યના ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવ્યા તેમજ હિરાબેન ૧૯૫૭માં સંતરામપુર ૧૯૬૨માં ઝાલોદ, ૧૯૬૭માં દાહોદમાંથી ધારાસભ્ય તરીકે ચુંટાઈ સ્પીકરની પેનલમાં પ્રથમ આદિવાસી મહિલાએ ગુજરાત ધારાસભા ગૃહનું સંચાલન કર્યું હતું. તેઓ ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ યોજના અને સમાજને લગતી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા હતા તેમણે ૩૩ વર્ષ સુધી સામાજિક પ્રવૃત્તિઓ કરી હતી તેમનું મુખ્ય સુત્ર એ હતુ કે ''ભીલો માથુ કાપી આપે છે પરંતુ કદાપિ બેવફાઈ કરતાં નથી'' આ આદિવાસી સમાજની વિરલનારીનું અવસાન તા. ૨૦-૨-૨૦૦૦ના રોજ દાહોદ ખાતે થયેલ.

સ્વર્ણિમગુજરાત ૨૦૧૦ની સાલમાં સુવર્ણ જયંતિ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ઉજવવાની પહેલ કરી રહ્યા છે. ત્યારે આપણા ગુજરાત રાજયમાં હિરાબેન જેવી અનેક દિકરીઓ માતાની છત્રછાયા ગુમાવીને શિક્ષણ મેળવી રહી છે આવી દિકરીઓને યોગ્ય શિક્ષણ અને સંસ્કાર આપવામાં આવશે તો સાચા અર્થમાં કન્યાકેળવણી ક્ષેત્રે આપણી જાતને નીચોવી નાખેલ સાબિત થશે અને હિરાબેન જેવી અનેક મહાન નારીઓ ગરવી ગુજરાતમાં પેદા થશે જેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## પ્રાથમિક શાળાઓ માટે ગ્રેડ સિસ્ટમ

ભરતકુમાર ડી. પટેલ
જુ. લેકચરર
ડાયેટ, સંતરામપુર

ચાલુ સાલે ૨૦૦૮-૦૯માં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળાનો ગ્રેડ આપવાનું ગુજરાત સરકારે નક્કી કર્યું છે. તેમાં ધોરણ-૪ અને ધોરણ-૭ના બાળકોની લેખિત પરીક્ષા લેવામાં આવશે તેના આધારે શાળાઓનો ગ્રેડ નક્કી થશે. ધોરણ-૪ના પેપરમાં ધોરણ ૧ થી ૪નો અભ્યાસક્રમ અને ધોરણ-૭મા ધોરણ-૫ થી ૭ નો અભ્યાસક્રમ આવરી લેવામાં આવશે. પ્રશ્નપત્રમાં પ્રથમ સત્રનો અભ્યાસક્રમ ધ્યાનમાં લેવામાં આવશે. પ્રશ્નપત્રનું સ્વરૂપ વિકલ્પ ટાઈપ હશે જેમકે ચાર વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો હશે. એક પ્રશ્નપત્ર હશે તેમા તમામ વિષયો આવરી લેવામાં આવશે તમામ પેપરનું ચેકીંગ સ્કેન પદ્ધતિથી કરવામાં આવશે. જેના પરિણામ દ્વારા શાળાનો ગ્રેડ નક્કી થશે $A^{++}$, $A^{+}$, A, $B^{++}$ $B^{+}$ ના ગ્રેડથી શાળાની ગુણવત્તા ઓળખાશે જેના પરિણામે શાળામાં શિક્ષણની ખામીઓ, ઊણપો જણાઈ આવશે જેથી ગુણવત્તા યુક્ત શાળાના શિક્ષકો અન્ય ગુણવત્તા વિહિત શાળામાં શિક્ષણની પ્રયુક્તિઓ શીખવશે. અને જે ગુણવત્તાવાળી શાળાઓ છે જેમા રાજ્ય સરકાર વિશિષ્ટ પ્રકારની ગ્રાન્ટની ફાળવણી કરશે જેથી કરી શાળાનું શિક્ષણ કાર્ય વધુ દીપી ઉઠશે.

## સમર્થ સાહિત્યકાર

### પન્નાલાલ પટેલનો ટુંકમાં પરિચય (૧૯૧૨-૧૯૮૯)

સ્મિતા જે. પટેલ
આ.શિ.
હીરાપુર પ્રા. શાળા, તા. સંતરામપુર

આઠ ચોપડી ભણેલા અને કોઈપણ વડીલની છત્રછાયા વિનાની કિશોર પનાએ પેટગુજારા માટે મિલ અને કારખાનામાં કામ કર્યું, કાપડ અને બંગડીની દુકાન ખોલી, ખેતરમાં મજૂરી કરી અને બંગલાઓમાં વાસણ-કપડાને ધોયા. એ સ્થિતિમાં એ છોકરાને જોનારા કોઈની કલ્પનાય નહીં હોય કે એક દિવસે એ પનામાંથી પન્નાલાલ થઈને ગુજરાતનો સમર્થ સાહિત્યકાર બનશે.

સદ્‌ભાગ્યે બાળપણના ગોઠિયા ઉમાશંકર ભેટી ગયા. તેમની અને સુન્દરમ્‌ની પ્રેરણાથી લખવાનું શરૂ કર્યું. ભીતરને સુષુપ્ત સર્જક જાગી ઊઠ્યો અને સાહિત્ય-સર્જનની સરવાણી વહેવા માંડી. તેને પરિણામે 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'વળામણાં', 'નાછૂટકે' જેવી ઉત્તમ નવલકથાઓ ગુજરાતને મળી તેમણે નાટક-એકાંકી ઉપર પણ હાથ અજમાવ્યો. આ ઉપરાંત અનેક ઉત્તમ કક્ષાની નવલિકાઓ પણ મળી. જીવનના ઉત્તરાર્ધમાં તેમણે પૌરાણિક પાત્રસૃષ્ટિ પર આધારિત નવલકથા લખી છે. ૧૯૫૦માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો. ૧૯૮૬માં તેમને ગૌરવવંતો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો.

૧૯૪૭માં એક બીમારીમાં તેમણે શ્રવણેન્દ્રિય ગુમાવી હતી. શ્રી અરવિંદ અને માતાજીમાં તેમણે પૂર્ણ શ્રદ્ધા તેમની નવલકથાઓ તેમજ અન્ય સર્જનો તેમના પોતાના પ્રકાશનગૃહ 'સાધના પ્રકાશન' દ્વારા જ પ્રગટ થાય છે. નવલકથા ક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન વાસ્તવિક જીવનનાં સંઘર્ષો મનોમંથન અને આંતરવ્યાતુ તેમનું નિરૂપણ આગવું છે.

# ચિંતનદીપ

સંકલન : શરદ એચ. પટેલ
સિ.લે., ડાયટ, સંતરામપુર

### હસો કે રડો.....

મધરાતે ઘરમાં ઘૂસી આવેલા ચોરને બાળકે ધીમેથી કહ્યું- ''મારી આ સ્કૂલબેગ પણ લઈ જા નહીંતર બધાને જગાડી દઈશ.''

### એલચી

તમારા ચમત્કાર તમે જાતે જ કરો, કારણ કે ભગવાન બીજે ક્યાંય અતિ વ્યસ્ત છે...!!

### સ્મૃતિ

'સ્મરણ એટલે પ્રાપ્ત થયેલા અનુભવોને સંગૃહિત કરવાની અને જરૂર પડ્યે પુનર્જીવિત કરવાની કે પિછાણવાની ક્રિયા - વૂડવર્થ

### શિક્ષણ

શિક્ષણ એટલે જીવનની પરિસ્થિતિઓનો મુકાબલો કરવાની શક્તિ -જોન જી. હિલન

### પુસ્તકો

કેટલાક પુસ્તકો ચાખવા માટે હોય છે, કેટલાંક ગળી જવા માટે અને બહુ થોડાં ચાવીને પચાવવા માટે

-ફ્રાન્સિસ બેકન

### હૃદય

માણસ ચંદ્ર લગી પહોંચ્યો, પણ પૃથ્વી પરના મનુષ્યના હૃદય સુધી પહોંચવાનું હજી બાકી છે.

-ઉમાશંકર જોષી

### સમય

જે માણસ જરા પણ સમય ગુમાવતો નથી તેને સમયના અભાવની ફરિયાદ કરવાનો વારો ક્યારેય નહિ આવે.

### બ્યુટી

ફાની દુનિયા છોડતા પહેલા કેટલાક સાચા તોફાન એટલે સકારાત્મક અને સર્જનાત્મક દિશામાં ઘૂઘવતી શક્તિઓનો વિનિયોગ ન થાય તો જીવનની 'બ્યુટી' અધૂરી રહે.

### મહત્તા

મહત્તા છે જીવનના સંકટોને પાર કરવામાં, ભલે મઝધાર બાકી છે, ભલે તોફાન બાકી છે.

### રસ્તો

સાચો માણસ રસ્તે, શોધી કાઢશે, નહિ જડે તો નવો રસ્તો પાડશે. -કેનિંગ

### સૂર

એ જ વાંસળીના સૂર મધુરતમ નીકળે છે. જે યોગ્ય રીતે વિંધાઈ હોય છે.

### જીવન

જિંદગી મહામૂલી છે એની કિંમતને સમજો. સંકટોની કાપી રાત જલદી સમાપ્ત થવાની છે. તેવો વિશ્વાસ રાખો. પ્રભુએ સુંદર જીવન ભેટમાં આપ્યું છે. આ ઈશ્વરીય કૃપાનો મહિમા કરો, એનો અવિચારી વેડફાટ ન થાય એનો વિચાર કરો. ભગવાન માં દૃઢ ભરોસો, ફરીથી પેદા કરો.

### બગાઈ

કાગડો આખલાની પીઠ સાફ કરવા માટે એના પર નથી બેસતો પરંતુ પીઠ પર બેઠેલી બગાઈ ખાઈને પોતાનું પેટ ભરવા માટે બેસે છે. -હંગેરિયન કહેવત

### શિક્ષકોનો સંદેશ

શિક્ષકો અને અધ્યાપકોએ એક કિલોગ્રામ વાંચ્યા પછી એક ક્વિટંલ જેટલું વિચારવું જોઈએ. પ્રત્યેક તારો એક કલાકૃતિ બની રહે તેમ થવું જોઈએ. તારા પૂરા થાય ત્યારે (વિદ્યાર્થીઓને લાગવું જોઈએ કે હજી તારા ચાલુ રહ્યો હોત તો સારું થાત.

મેં ક્યારેક જોયું છે કે અધ્યાપકો પોતાની વચ્ચે ઝઘડાનો હિસાબ અન્યના વિદ્યાર્થીને અન્યાય કરીને ચૂકવત હોય છે. આવી વેરવૃત્તિ અક્ષમ્ય છે. શિક્ષકોએ એ અપલક્ષણથી દૂર રહેવું જોઈએ.

વર્ગમાં પૂરી તૈયારી કરીને પ્રસન્નચિત્તે જવું અને ભણાવવું એના જેવી આનંદપ્રદ અનુભૂતિની કલ્પના પણ હું કરી શકતો નથી. જોન મેસફિલ્ડે સાચું કહેલુ કે યુનિવર્સિટીથી અધિક સુંદર ચીજ બીજી ઝડવી મુશ્કેલ છે. વર્ગમાં ભણાવવાનો જેવો નશો બીજો ન હોઈ શકે.

- ગુણવંત શાહ

# સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ઘોષિત વર્ષ

સંકલન : પટેલ પ્રવિણકુમાર હરિભાઈ
આ.શિ.
મોટી ખરસેલી પ્રા. શાળા તા. કડાણા જિ. પંચ

| | |
|---|---|
| ૧૯૬૭ | આંતરરાષ્ટ્રીય પર્યટન વર્ષ |
| ૧૯૬૮ | માનવ અધિકાર વર્ષ |
| ૧૯૭૦ | આંતરરાષ્ટ્રીય શિક્ષા વર્ષ |
| ૧૯૭૨ | આંતરરાષ્ટ્રીય પુસ્તક વર્ષ |
| ૧૯૭૩ | આંતરરાષ્ટ્રીય કોપરનિક્સ વર્ષ |
| ૧૯૭૪ | આંતરરાષ્ટ્રીય જનસંખ્યા વર્ષ |
| ૧૯૭૫ | આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ |
| ૧૯૭૯ | આંતરરાષ્ટ્રીય બાળવર્ષ |
| ૧૯૮૦ | આંતરરાષ્ટ્રીય શિક્ષા વર્ષ |
| ૧૯૮૧ | આંતરરાષ્ટ્રીય વિક્લાંગ વર્ષ |
| ૧૯૮૩ | આંતરરાષ્ટ્રીય સંચાર વર્ષ |
| ૧૯૮૫ | આંતરરાષ્ટ્રીય યુવા વર્ષ |
| ૧૯૮૬ | આંતરરાષ્ટ્રીય શાંતિ વર્ષ |
| ૧૯૮૭ | આંતરરાષ્ટ્રીય આશ્રય વર્ષ |
| ૧૯૮૮ | સંચાર અને સહયોગ એઈડ્સ વર્ષ |
| ૧૯૯૦ | આંતરરાષ્ટ્રીય સાક્ષરતા વર્ષ |
| ૧૯૯૨ | આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ વર્ષ |
| ૧૯૯૩ | આંતરરાષ્ટ્રીય જનજાતીય વર્ષ |
| ૧૯૯૪ | આંતરરાષ્ટ્રીય પરિવાર વર્ષ |
| | આંતરરાષ્ટ્રીય રમત વર્ષ |
| ૧૯૯૫ | આંતરરાષ્ટ્રીય સહિષ્ણુતા વર્ષ |
| ૧૯૯૬ | ગરીબી ઉન્મૂલન વર્ષ |
| ૧૯૯૯ | વૃદ્ધ લોકોની દેખભાળ માટેનું વર્ષ |
| ૨૦૦૦ | કૃતજ્ઞતાનું આંતરરાષ્ટ્રીય વર્ષ |
| ૨૦૦૧ | આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક વર્ષ |
| | માનસિક રોગ ઉન્મૂલન વર્ષ |
| ૨૦૦૨ | આંતરરાષ્ટ્રીય પર્વત વર્ષ |
| | આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય પર્યટન વર્ષ |
| ૨૦૦૩ | આંતરરાષ્ટ્રીય સ્વચ્છ અને જળ વર્ષ |
| ૨૦૦૫ | માઈક્રોક્રેડિટનું વર્ષ |

## ડાયટ ન્યુઝ

☞ તા. ૧૧-૯-૦૮ ના રોજ જિલ્લા કક્ષાની કૉલેજ લેવલની સ્વર્ણિમગુજરાત અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ ગોધરા (તેલંગ હાઈસ્કૂલ) મુકામે યોજવામાં આવી. જેમાં ડાયટ સંતરામપુરના પ્રથમ વર્ષના તાલીમાર્થી પંચાલ નિર્મલકુમાર ચિત્ર સ્પર્ધામાં પ્રથમક્રમે રહ્યાં. જે હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવા માટે જશે. વક્તૃત્વ સ્પર્ધામાં પટેલ ઘનશ્યામ કે તૃતીય સ્થાને અને નિબંધ સ્પર્ધામાં પણ પટેલ પંકજ એસ. તૃતીય ક્રમાંકે આવ્યો. સમગ્ર ડાયટ પરિવાર ત્રણેય તાલીમાર્થીઓને અભિનંદન પાઠવે છે.

☞ તા. ૧૬-૯-૦૮ થી ૨૫-૯-૦૮ દરમ્યાન DRU અંતર્ગત પંચમહાલ જિલ્લાના ૫૦ શિક્ષકોનો સ્કાઉટ-ગાઈડ તાલીમ શિબિર ડાયટ સંતરામપુરમાં ચાલી રહ્યો છે.

☞ ઓગસ્ટ માસમાં રા.પ. બોર્ડ દ્વારા મળેલ પ્રથમ વર્ષના પાઠ્યપુસ્તકોનું મફત વિતરણ પંચમહાલ જિલ્લાની આઠ પીટીસી કૉલેજોમાં કરવામાં આવ્યું.

☞ ૫મી સપ્ટેમ્બર સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કાર્યક્રમની વિડિયો કોન્ફરન્સ સમગ્ર ડાયટ પરિવાર, પાદરીશાળા, BRCC અને CRCC એ નિહાળી અને સૌએ સંકલ્પો લીધા.

☞ ૧૪-૯-૨૦૦૮ ડાયટ, સંતરામપુર PSTE દ્વારા હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી.

# ભારત રત્ન ડૉ. રાધાકૃષ્ણન

શરદ એચ. પટેલ
સિ.લે.
ડાયટ, સંતરામપુર

ડૉ. રાધાકૃષ્ણન મૈસૂર યુનિવર્સિટીમાં ભણાવતા હતા. પોતાના વિદ્યાર્થીઓમાં તે ઘણા લોકપ્રિય હતા. કલકત્તા યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે જોડાવા માટે વિદાય થવા લાગ્યા તો તેઓને ફૂલોથી સજાવેલ ગાડીમાં રેલવે સ્ટેશન સુધી લઈ જવામાં આવ્યા. તે ગાડીને તેઓના વિદ્યાર્થી ખેંચી રહ્યા હતા. તો જોયું તમે, કેટલો બધો પ્રેમ હતો વિદ્યાર્થીઓને પોતાના પ્રિય ટીચર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન તરફ. એક ટીચર વિશ્વ વિખ્યાત ફિલોસોફર અને સિંકરના રૂપે લોકપ્રિય થયેલ ડૉ. રાધાકૃષ્ણનનો જન્મ પાંચ સપ્ટેમ્બર ૧૮૮૮ના દિવસે ચેન્નાઈના એક નાનકડા ગામ તિરુત્તેનિમાં થયો. મા-બાપ ઘણાં ગરીબ હતાં. એટલે પિતા ઈચ્છતા હતા કે પુત્ર થોડું ઘણું ભણી-ગણીને પુરોહિત બને. પરંતુ રાધાકૃષ્ણનની પ્રતિભા એટલી તેજસ્વી હતી કે તેમને અંગ્રેજી શિક્ષણ માટે તિરૂપતિમાં જર્મન મિશનરીઝમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો. રાધાકૃષ્ણ ક્રિશ્ચિયન કૉલેજ, મદ્રાસથી ફિલોસોફીની ડિગ્રી મેળવી. તેના પછી તેમણે વેદાંત પર ડૉક્ટરની થિસિસ લખી અને બની ગયા ડૉ. રાધાકૃષ્ણન.

માત્ર વીસ વર્ષની ઉંમરમાં જ તે મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજમાં ફિલોસોફીના લેકચરર બની ગયા. તેમની સાદગી અને ભણાવવાની રીત વિદ્યાર્થીઓને બહુ ગમતી. તેમણે લંડનની ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં પણ ઘણાં વર્ષો સુધી વિદ્યાર્થીઓને ભણાવ્યા. તે બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પણ રહ્યા. આ સિવાય યુનેસ્કો તથા સોવિયેત સંઘમાં ભારતના રાજદૂત પણ રહ્યા.

૧૯૫૨માં તે ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ બન્યા અને દસ વર્ષ સુધી આ હોદ્દા પર રહ્યા. ૧૯૬૨માં જ્યારે તે દેશના દ્વિતીય રાષ્ટ્રપતિ બન્યા તો મહાન તત્વચિંતક બર્ટરેંડ રસેલે કહ્યું હતું : 'ડૉ. રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ બનવાથી ફિલોસોફીને સન્માન મળ્યું છે.' રાષ્ટ્રપતિ રૂપે તે પોતાના દસ હજાર રૂપિયાના પગારમાંથી માત્ર ૨૫૦૦ રૂપિયા લેતા અને બાકી રકમ વડાપ્રધાન રાહત ફંડમાં આપી દેતા હતા. તેમણે ઘણાં પુસ્તકો લખ્યા. ૧૯૫૪માં તેમને દેશનો સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા. ડૉ. રાધાકૃષ્ણન કહેતા હતા 'શિક્ષક આદેશ આપીને સન્માન પાત્ર નથી બનતા પણ અન્યને સન્માન આપીને સન્માનને પાત્ર બને છે.

ભારતીય તત્વજ્ઞાનને વિશ્વ સમક્ષ નવી દૃષ્ટિથી રજૂ કર્યું તેમણે કહ્યું. "મારો જન્મદિન ઉજવવાનો બદલે ૫મી સપ્ટેમ્બર શિક્ષકદિન ઉજવો તો હું વધુ ગૌરવ અનુભવીશ."

# શિક્ષકની ક્રિયાઓ

દિનેશચંદ્ર જે. પટેલ
આ. શિ. નાની સરસણ પ્રા. શાળા
તા. સંતરામપુર, જિ. પંચમહાલ

શિક્ષક એ સમાજસુધારક છે. શિક્ષક સમાજ ઉદ્ધારક છે. શિક્ષક એ સંસ્કૃતિનો રક્ષક છે. શિક્ષક સદ્વિચારોનો વાહક છે. શિક્ષક પ્રચારક છે. શિક્ષક પ્રસારક છે શિક્ષક સમાજનો પ્રેરણાસ્રોત છે. શિક્ષક સમાજનો આદર્શ છે. શિક્ષકની તમામ પ્રવૃત્તિઓ-ક્રિયાઓ-વર્તન શાળામાં કે શાળાની બહારની ચેષ્ટાઓ બાળમાનસરૂપી કેમેરામાં કંડારાતી છબીઓ છે. અને એ બાળક આવતી કાલનો નાગરિક છે. ત્યારે સ્વાભાવિક રીતે કહેવાય કે સમાજનો ઘડવૈયો શિક્ષક છે. નૂતન સમાજના ઘડતર માટે શિક્ષકની ભૂમિકા ચાવીરૂપ છે. એટલે જ તો Teacher is key person કોઈ શિક્ષક એમ માને કે મારું શિક્ષણ કાર્ય માત્ર ૪૦ મિનિટના તાસમાં અને વર્ગમાં જ છે. ના વાત તદન ખોટી... શિક્ષક

વર્ગમાં પ્રવેશ પામતો હોય ત્યારે ઘણુ દૂર દૂરથી શિક્ષક પર એક યા બીજા વર્ગના બાળકોની નજર મંડાયેલી રહે છે. તેવી રીતે વર્ગમાંથી જાય છે ત્યારે પણ વિદ્યાર્થીઓ માટે શિક્ષક Hero છે.

શિક્ષકની તમામ ક્રિયાઓની અમીટ છાપ બાળક કે સમાજના માનસપટ પર કોતરાતી હોય છે. શિક્ષક શું ખાય છે ? કેવી રીતે ખાય છે ? શિક્ષક ક્યાં ખાય છે ? શિક્ષક કેટલું ખાય છે ? આ બધાની માહિતી સમાજના પાવરફુલ કેમેરાઓ સંકલિત કરતા જ હોય છે. શિક્ષક શું પાણી સિવાય બીજું કંઈ નથી પીતો ને ? અલબત્ત, સ્વીકારવું જ પડે કે હજુ પણ કેટલાક શિક્ષકોને વ્યસનની લત છે. જેની ઝલક ક્યારેક સમાજને અને બાળકોને પ્રાપ્ત થાય છે. શિક્ષકની જોવાની ક્રિયા-બિભત્સ ફિલ્મ જોવાની લાઈનમાં ઊભો શિક્ષક તેની પાછળ મોટી લાઈન કરી આપે છે. માટે તો શિક્ષકે જ્યાં ત્યાં ઊભા રહેવું એ વિચારવા જેવું છે. જરૂર છે માત્ર વિવેકબુદ્ધિની. શિક્ષક અને વ્યસન આ બંને શબ્દોમાં વિરોધાભાસ છે. સૂર્ય અને અંધકાર સાથે ના હોય અને કદાચ સાથે હોય તો સૂર્ય અપારદર્શક આવરણથી ઘેરાયેલો છે. આવરણના હોય તો સમજી લેવું કે એ સૂર્ય ચિતરામણનો છે. એ સૂર્યનું મોડલ છે, પણ અસલી સૂર્ય નથી જ. આકાશ સામે નજર કરી ઊંચી ડોકે ફાટ્યા મુખે પડીકી ઠાલવતા શિક્ષકો એ વાસ્તવમાં શિક્ષકના મ્હોરા છે... અને આવા બની બેઠેલા શિક્ષકો બાળકોને વ્યસન પ્રતિ પ્રેરણા આપે છે. શરમ છે આવા વ્યસની શિક્ષકોને.

સાચો શિક્ષક સંપૂર્ણ જ્ઞાની હોવો જોઈએ. તેનામાં ઠાંસોઠાસ જ્ઞાન હોય છે. શિક્ષક વિષયનો પારંગત, તજજ્ઞ અને અભ્યાસુ હોવો જોઈએ. प्राज्ञः कुलिनो न करोती गर्व ॥ એ ન્યાયે શિક્ષક સરળ અને મિલનસાર પ્રકૃતિ ધરાવતો હોવો જોઈએ. શિક્ષક અને ચારિત્ર્ય એ એક સિક્કાની બે બાજુ છે.

આપણા રાષ્ટ્રપિતાએ જણાવ્યું છે કે- 'શિક્ષકોનું ચારિત્ર્ય જાણે ગમે તેવું હોય અને એ માત્ર પોતાના વિષયમાં પ્રવિણ હોવો જોઈએ એ વિચાર દોષ ભરેલો છે. ચારિત્ર્યહીન પણ પ્રવિણ શિક્ષકના હાથ નીચે શીખી એકાદ વિદ્યાર્થી પ્રવિણતા મેળવે, તેના કરતાં એક ચારિત્ર્યવાન પણ ઓછા પ્રવિણ શિક્ષકના હાથ તળે ઓછી વિદ્યા ભણે એ હજારગણું વધારે સારું છે. શિક્ષક પોતાનો વિષય શીખવવાની જવાબદારી સમજે પણ વિદ્યાર્થીના ચારિત્ર્યની જવાબદારી ન સમજે, તેને શિક્ષક કહી શકાય નહીં.'

શિક્ષક વિદ્યાર્થીઓમાં પ્રિય હોવો જોઈએ.

"બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલસૂરત હૃદય હૃદયનાં વંદન તેને'

શ્રી ઉમાશંકર જોષી

શિક્ષક સ્વયં વિદ્યાર્થી હોવો જોઈએ. વર્ગમાં જઈ શિક્ષક વિદ્યાર્થીઓ સમક્ષ 'હું ઘાતાંકના નિયમો શીખવાડું, તેના કરતાં ચાલો આપણે ઘાતાંકના નિયમો શીખીએ.' એમ શરૂઆત કરે તો એ વધુ સારી રીતે વર્ગને ચેતનવંતો કરી શકે છે.

શિક્ષકના વિચાર, શિક્ષકની વાણી, શિક્ષકનું વર્તન અને શિક્ષક વસ્ત્ર પરિધાન આ ચારેય તેના પવિત્ર ધર્મને ઉજાળનારાં હોવા જોઈએ. મલિન વિચાર, કુટિલ વાણી, અસદ્વર્તન, અસભ્ય પોષાક શિક્ષકને ના જ શોભે ! શિક્ષકની વાણી સત્ય, પ્રિય, મધુર હોવી જોઈએ. હસમુખે ચહેરે શિક્ષક મૃદુભાષી, મિતભાષી હોય એ તેની શોભા છે. શિક્ષકનું વર્તન ઉત્તમ કોટિનું હોય છે એ અપેક્ષા યથા યોગ્ય છે. શિક્ષકના વસ્ત્ર ભડકામણાં, ઉત્તેજક, પારદર્શક, અતિ વૈભવયુક્ત કે ફળિયાના કૂતરા ભસી પડે એવા ના હોવા જોઈએ.

શિક્ષક એ સાધુ તો નથી જ પણ સાદો તો હોવો જ જોઈએ. ફેશનને રવાડે ચડી જતા કિશોરોને શિક્ષક એમાં થોડી બ્રેક મારી શકે છે.

**"Simple living & high thinking"** એ તો શિક્ષકનો જીવનમંત્ર હોવો જોઈએ. 'મારું જીવન એ જ મારો સંદેશ" એ ગાંધીવાણીને શિક્ષકે પણ અનુસરવી જોઈએ. સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સંતોને ઉપદેશતા કહેતાં કે 'આપણું વર્તન વાતો કરતું થવું જોઈએ !'

વિનોબાજી કહે છે કે,

'શિક્ષક વાણી દ્વારા શીખવતો નથી, એ આચાર દ્વારા શીખવે છે. એ હરે, ફરે, બોલે, ચાલે એમાં જે સચ્ચાઈ. જે પ્રામાણિકતા, જે સમર્પણભાવ દાખવે તેમાંથી આપોઆપ નવી પેઢીના દિલમાં એ ગુણોના અંકુર ફૂટે, જન્મ લે એ ભાવ અને ભાવના એ શિક્ષકના

જીવનમાંથી ટપકતાં-નીતરતાં હોવાં જોઈએ.'

શિક્ષક એ સત્યનો આગ્રહી હોવો જોઈએ. સભ્ભો પુરસ્કર્તા હોવો જોઈએ. સંનિષ્ઠ શિક્ષક સત્યને વરેલો હોય છે. સત્ય એનો શ્વાસ છે. એને સત્ય પર વિશ્વાસ છે. સિદ્ધાંતના ભોગે તે અસત્યની ઓથ લેતો નથી. સસ્તી લોકપ્રિયતા, ચમચાગીરી, આ બધું સત્યપ્રિય શિક્ષકને ના શોભે. એનું દષ્ટિબિંદુ ચોક્કસ લક્ષ્યવાળું હોય છે. પૈસાની ખાતર પેપર ફોડવા. પરીક્ષા વખતે આંખ આડા કાન, ખાસ લોકોના સંતાનો પ્રત્યે સગવડતા કરી આપવી. સ્વસંતાનોને વિશેષાધિકાર આપવા આ અસત્ય છે. આ શિક્ષકનું કર્તવ્ય નથી જ નથી. શિક્ષક સત્યના પ્રયોગોને સફળ કરતો હોય છે. શિક્ષક કર્મયોગી હોય છે. શિક્ષક કર્મનો રોગી, ભોગી કે ઢોંગી નથી.

શિક્ષકના રોમ રોમમાં દેશભક્તિ ભરેલી હોય છે. સૈનિક અને શિક્ષક બંને દેશના ઉત્તમ સેવક છે. સૈનિકે જેટલો દેશપ્રેમ શાળાકક્ષાએથી પ્રાપ્ત કર્યો હશે તેટલો એ વધુ બલિદાની અને શૌર્યસભર હશે. પચાસ-સોના પત્તામાં જો સૈનિક સરહદમાં છિંડા પાડી આપે તો રાષ્ટ્રની સલામતીનું શું ? દેશભક્ત સૈનિકો-નાગરિકોનું નિર્માણ તો શિક્ષક જ કરી શકે અને આ માટે 'કૂવામાં હોય તો હવાડામાં આવે' એ ન્યાયે ખુદ શિક્ષક જ દેશપ્રેમથી છલકતો હોવો જોઈએ. શિક્ષકના રોમ-રોમમાં આપણા મહાન રાષ્ટ્ર પ્રત્યે ન્યોછાવર થવાની તાલવેલી હોવી જોઈએ. ભારત માતાના જતન માટે એનામાં ઝિંદાદિલી હોવી જોઈએ. ગંદા રાજકારણના યુગમાં ઘણી વખત વંદેમાતરમ્ દ્વારા માતૃવંદના કરતો શિક્ષક શંકાશીલ માનસોમાં આક્ષેપાત્મક સ્થિતિમાં આવી પડે છે, પરંતુ તેની પરવા કર્યા વિના વિદેશી વિચારહીન વિકૃતિઓના વાવોઝોડામાંથી આપણી સંસ્કૃતિને ઉગારી લે તે સાચો શિક્ષક છે.

આપણી ભાતીગળ-વિવિધતાપૂર્ણ-સનાતન સંસ્કૃતિના રખવાળાં એ શિક્ષકની પવિત્ર ફરજ છે. અને હા ! આવા સદાચારી-સંયમી અને સનિષ્ઠ શિક્ષકની નોંધ લેનારા બાળકો-વાલીઓ-અધિકારીઓ, સજ્જનો અને ગુણગ્રાહી સમાજ પણ છે. તેઓ સારી રીતે સમજે છે કે આવા ઉત્તમ શિક્ષક જ રાષ્ટ્રનું નૂતન ઘડતર કરી શકે છે. તે શ્રેષ્ઠ શિલ્પી છે. બાગનો ઉત્તમ માળી છે. અને તેથી જ શિક્ષકના સ્થાનને ગૌરવવંતનું માનીને અદકેરા આદર, સવાયા સન્માન અને મહાન-મહિમાવત કરવામાં આવ્યું છે.

પ્રલય અને સર્જન તે શિક્ષકની પ્રવૃત્તિનો પરિપાક છે. શિક્ષક છંછેડાય તો પ્રલય પોકારે છે. અલબત્ત તેની પાછળ પણ એની દીર્ઘદષ્ટિ રહેલી છે રાજા નંદના દરબારમાં અપમાનીત થયેલા ચાણક્યે સમૂળગો વંશ નાશ કરવાની પ્રતિજ્ઞા ચંદ્રગુપ્તના માધ્યમથી પૂર્ણ કરી હતી. અલબત્ત, શિક્ષકને આજે પણ નડતા ડોનેશનના ડુંગરા... લાંચના લાગા દિલને દુભાવે છે. અને ત્યારે શિક્ષકનો આત્મા ભ્રષ્ટાચાર મુક્ત સમાજના નિર્માણ માટે જાગે એ યુગધર્મ છે.

આમ, શિક્ષક સમાજનો સાચો રાહબર બની અને 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' એ ચરિતાર્થ કરે તેવી અભ્યર્થના........!

## ચમત્કાર કે ચાલાકી

કાન્તિલાલ જોઈતારામ પટેલ



### સળીથી શીશી ઊંચકવી

તમને એક વાંસની મોટી સળી અને એક નળાકાર સાંકડા મોઢાવાળી શીશી આપવામાં આવે અને કહેવામાં આવે કે આ સળીથી શીશી ઊંચકો. શીશીને હાથ અડકાડવાનો નથી કે ઊંધી ઊંચકવાની નથી. તો તમે ઘણા પ્રયત્નો કરશો પણ શીશીને ઊંચકી શકશો નહિ.

શીશીને તળિયે સળી ઘાલી, શીશી તે પર ટેકવી ઊંચકી શકાશે નહિ. તે પડી જ જશે. શીશીને આડી કરી વચ્ચે સળી ઘાલી ઊંચકવા જશો તો પણ ઊંચકી શકશો નહિ. શીશીમાં સળી પરોવી શીશીને ઊંધી ઊંચકી શકાશે. પણ શીશી ઊંધી ઊંચકવાની નથી.

આ શીશી એ સળીથી ઊંચકવાની આવડત, આપણે જાણતા નથી, ત્યાં સુધી એ કોયડો કેવો ભયંકર અઘરો, અશક્ય લાગે છે ! આ તો શક્ય જ નથી એવું લાગે છે ને ?

પણ જો તમને ને શીશી તે સળી વડે સીધી જ ઊંચકી બતાવવામાં આવે તો પછી તમને થશે કે આ તો સાવ સહેલું છે. આમાં શી મોટી ધાડ મારવાની છે.

વાંસની સળી એક છેડેથી શીશીના વ્યાસ કરતાં થોડીક વધુ રાખી અધકચરી, છૂટી પડી જાય તેવી રીતે ભાંગી અને બેવડ વાળી, વાળેલ સળી ભેગી રાખી શીશામાં ઉતારી દઈએ તો શીશામાં ઊતરી જશે.

સળી શીશીના ગળામાંથી ઊંડી ગયા પછી શીશીમાં જતાં તેનો બેવડ ટૂંકો છેડો શીશીમાં પહોળો થઈ જશે. અને તે ટૂંકો છેડો પહોળો થઈ જતાં સાંકડા મોં આગળ ઊંચે આવતાં, શીશીના ઉપરના ખાંચે અટકી જશે. આમ લાંબા બહાર રહેલ છેડાથી સળી ઊચકશું તો સાથે શીશી પણ પણ ઊંચકાઈ આવશે.

જાદુગરોના બધા જાદુઓમાં આવી કંઈને કંઈ કરામતો, ચાલાકીઓ સમાયેલી હોય છે. આવી કરામતો કે વૈજ્ઞાનિક રસાયણો વિષેની માહિતી આપણી સમજ બહાર હોય એટલે આપણે ચમત્કાર તરીકે ઠોકી બેસાડીએ છએ. કરામત જાણી ગયા પછી બધું કોથળા માંહ્યલા બિલાડા જેવું લાગે. જાણ્યા પછી કોયડો કોડીનો બની જાય છે. જ્યાં સુધી આપણામાં તે વિષેની જાણકારી નહિ હોય, તેને લગતા વિજ્ઞાનની ગતાગમ નહિ હોય, તેમાંની વૈજ્ઞાનિક પદ્ધતિ આપણે પકડી નહિ શકીએ ત્યાં સુધી અદ્‌ભુત લાગે.

## सर्व धर्म प्रार्थना

संकलन : डॉ. ए. वी. पटेल
तंत्री "मैत्री"

प्रातः स्मरामि हृदि संस्फुरदात्म आत्म - तत्वग्
सद् - चिद् सुखमं परमहंस गतिम् तूरीयम् ।
यत् स्वप्न - जागर सुषुप्तम अवैति नित्यम्
तद् ब्रह्मा निष्कलंहम् अहं न व भूत संघः ।।१।।

प्रातर् भजामि मनसो वचसाम्गम्यम्
वाचो विभान्ति निखिला यद् अनुग्रहेण ।
यन्, नेति नेति, वचनैर् निगमा अवोचुस
तं देव देवमजमाच्युत माहुग्रयम् ।।२।।
प्रात्र नमामि तमसः परमर्क वर्णम
पूर्णम् सनातनपदम् पुरूषोत्तममाख्यम्
यस्मिन इदम् जगद्शेषमशेष मूर्ति
रज्ज्वाँ भुजंगम् इव प्रतिभासितं वै ।।३।।

या कुन्देन्दु-तुषार-हार-धवला, या शुभ्र-वस्त्रावृता
या वीणावरदंड मंडित करा; या श्वेत पद्मासना ।
या ब्रह्माऽच्युत शंकर-प्रभृतिभिरम्, देवैः सदा वन्दिता
सा माम पातु सरस्वती भगवती, निःशेष जाड्यापहा ।।

o

गुरूर् ब्रह्मा, गुरूर् विष्णु, गुरूर् देवो महेश्वर ।
गुरु साक्षात् परब्रह्म, तस्मै श्री गुरुवैनमः ।।

o

रघुपति राघव राजा राम - पतित पावन सीताराम
सीताराम सीताराम - भज प्यारे तू सीताराम
ईश्वर अल्लाह तेरे नाम - सबको सन्मति दे भगवान

o

जय बोलो सत धर्मो की, जय बोलो सत कर्मो की।
जय बोलो मानवता की, जय बोलो सब जनता की ।।
पिछड़ी कोई न जाति हो, सब से सब की प्रीति हो ।
देश धर्म से नीति हो, हम सत के ही साथी हो ।।
हम सब कष्ट उटायेंगे, सब मिल कर सुख पायेंगे ।
सब मिल प्रभु गुण गायेंगे, सत का जस फैलायेंगे ।।

o

- o व्यक्तिगत आस्था प्रार्थना - इनडिविजुवल फेथ प्रेयर (अल्फाबेटिकली)
- o मौन प्रार्थना (एक मिनट के लिए)

o

व्ही शैल ओव्हरकम । व्ही शैल ओव्हरकम ।
व्ही शैल ओव्हरकम सम डे.....

ओ डीप इन माय हाठ आई डू बिलीव्ह
दैट व्ही शैल ओव्हरकम सम डे....(१)

व्ही विल वॉंक इन हैंड, व्ही विल वॉंक हैंड इन हैंड
व्ही विल वॉंक हैंड इन हैंड सम डे......ओ डीप (२)

व्ही शैल लिव्ह इन पीस, व्ही शैल लिव्ह इन पीस
व्ही शैल लिव्ह इन पीस सम डे.....ओ डीप (३)

द ट्रुथ विल मेक अस फ्री, द ट्रुथ क्लि मेक अस फ्री,
द ट्रुथ विल मेक अस फ्री सम डे.....ओ डीप (४)

व्ही आर नॉट आफ्रेड, व्ही आर नॉट अफ्रेड,
व्ही आर नॉट अफ्रेड टूड........ओ डीप (५)

## हर देश में तू, हर भेष में तू

हर देश में तू हर भेष में तू, तेरे नाम अनेक, तू एक ही है ।
तेरी रंग भूमि, यह विश्व भरा, सब खेल में मेल में तू ही तू हैं ।।
सागर से उठा बादल बन के, बादल से फूटा जल हो करके ।
फिर नहर बनी नदिया गहरी, तेरे भिन्न प्रकार तू एक ही है ।।
चींटी से भी अणु परमाणु बना, सब जीव जगत का रूप लिया ।
कहीं पर्वत वृक्ष विशाल बना, सौन्दर्य तेरा तू एक ही है ।।
यह दिव्य दिखाया है जिसने, वह है गुरू देव की पूर्ण दया ।
तुकड़या कहीं और न कोई दिखा, बस मैं और तू सब एक ही है ।

## शान्ति पाठ

सर्वेऽपि सुखिनः सन्तु
सर्वे सन्तु निरामयाः
सर्वे भद्राणि पश्यन्तु
मां कश्चिद् दुःखमाप्नुयात्
ओउम् शान्तिः, शान्तिः, शान्तिः ।।

# ડાયાબીટીસ/ભારે ચરબીવાળું શરીર ઉતારવા માટેનો અક્સીર કિમીયો

સંકલન : રમેશભાઈ પટેલ
વખતપુર ત્રાટકી શાળા
તા. ખાનપુર

૫૦ ગ્રામ મેથી
૨૦ ગ્રામ અજમો
૧૦ ગ્રામ કાળીજીરી

બાજુમાં જણાવેલ માપ પ્રમાણે ચોક્કસ છે. તેના ગુણાંકમાં ઘરના સભ્યોની ગણત્રી કરીને પાવડર નીચે જણાવ્યા મુજબ બનાવવો.
દા.ત. ડબલ, ત્રીબલ, ચોબલ, પંચબલ વગેરે
દા.ત. ૫૦ X ૫ ગ્રામ મેથી : ૨૫૦ ગ્રામ
૨૦ X ૫ ગ્રામ અજમો : ૧૦૦ ગ્રામ
૧૦ X ૫ ગ્રામ કાલીજીરી : ૫૦ ગ્રામ

રીત : ઉપરોક્ત ચીજ વસ્તુઓ ગાંધીને ત્યાંથી અલગ-અલગ ઈલેક્ટ્રોનિક તોલમાપમાં તોલાવી. ત્યારબાદ સાફ કરીને ત્રણેને વારાફરતી કૂમળા તાપમાનમાં લોઢી ઉપર ગેસ દ્વારા શેકવી. ત્યારબાદ ત્રણેને ભેગા કરીને મીકસરમાં નાખીને પાવડર બનાવવો. પારદર્શક ડબામાં ભરવો. પાવડર રાત્રે જમ્યા બાદ સૂતી વખતે એક ચમચી હૂફાળા ગરમ પાણી સાથે લેવો. આ પ્રયોગોમાં હૂફાળુ ગરમ પાણી અત્યંત આવશ્યક છે જેની નોંધ લેવી. રોજ રોજ લેવાથી શરીરમાં ખૂણાખાચરામાં રહેલો ગંદો મેલ અથવા ગંદકી મળ તથા પેશાબ વાટે બહાર કાઢશે. ત્રણ માસ બાદ શરીરમાં રહેલ વધુ પડતી ચરબી તથા ગાંઠોના પડો આપમેળે ઓગળવા માડશે. ચામડીમાં પડેલ કરચલીઓ જાણે કે કપડાને ઈસ્ત્રી કરતા હોય તેવા સ્વરૂપમાં આપમેળે ખેંચાશે. શરીર સુંદર સ્વરૂપવાન બનાવશે.

ફાયદા :

૧. હઠીલો વા કાયમને માટે નાબૂદ થશે.
૨. હાડકાઓ મજબૂત બનાવશે.
૩. કામ કરવાની કાર્યશક્તિ સ્ફૂતિદાયક બનાવશે.
૪. આંખનું તેજ વધશે.
૫. વાળનો ગ્રોથ (વિકાસ) થશે.
૬. જુના કબજિયાતના રોગોમાંથી કાયમી મુક્તિ મળશે.
૭. શરીરમાં લોહીનું પરિભ્રમણ વેગવંતુ બનાવશે.
૮. શરીરમાંથી કફ કાયમને માટે નાબૂદ કરશે.
૯. હૃદયનું વર્કીગ કાર્યક્ષમ એટલે કે વેગવતું કરશે.
૧૦. ઘોડાની જેમ દોડતા કરશે.
૧૧. યાદશક્તિમાં વધારો કરશે.
૧૨. કાનમાં રહેલ બહેરાશ દૂર કરશે.
૧૩. સ્ત્રીનું શરીર લગ્નબાદ બેડોળ બને છે તેને સુડોળ બનાવશે.
૧૪. ભૂતકાળમાં લીધેલ એલોપેથી દવાઓ તથા ભવિષ્યમાં લેવાની થાય તેવી એલોપથી દવાની આડ અસરમાંથી મુક્તિ અપાવશે.
૧૫. દાંત મજબૂત બનાવશે તથા તેનું ઈનેમલનું પડ જીવંત રાખશે.
૧૬. શરીરમાં રહેલ લોહીની નલીકાઓનું શુદ્ધિકરણ કરશે.
૧૭. લોહીમાં રહેલ ગુણધર્મો જાળવશે.
૧૮. નપુંસકતા હશે તો તે દુર કરશે તેમજ વંશવેલાની વૃદ્ધિમાં તેજસ્વીસમો વધારો થશે.
૧૯. મેલેરીયા, કમળો, ટાઈફોઈડ, કોલેરા વગેરે રોગો સામે રોગપ્રતિકારક શક્તિ વધારશે.
૨૦. ગમે તે ઉંમરના વ્યક્તિ ઉપયોગ કરી શકે છે તેમજ ગમે તે હોય તો પણ જવાન જેવા લગાડવામાં ભરપૂર સાથ આપશે એટલે કે બુઢાપો કદાપિ નહિં આવે તેવું શરીર બનાવશે એટલે કે આયુષ્ય લાબું થશે.

# "સંકલ્પ પત્ર"

સંકલન : બાબુભાઈ એલ. પરમાર
મુખ્ય શિક્ષક
પઢારિયા પ્રા. શાળા તા. સંતરામપુર

**+ હું શિક્ષક તરીકે આટલું તો અવશ્ય કરીશ જ.... +**

(૧) મારી ફરજની જગ્યાએ હું નિયમિત હાજરી આપીશ.

(૨) જે ગરીબ બાળકો ભણવામાં પાછળ હોય તેને જુદા તારવી તેમના પ્રત્યે વધુ ધ્યાન આપીશ.

(૩) ગરીબ બાળકોને પુસ્તકો કે શૈક્ષણિક સહાય મળે તે માટે સમાજનાં/ગામનાં આગેવાનોને જાતે મળીશ તથા સહાય કરવા નમ્ર વિનંતી કરીશ.

(૪) રાજ્ય તરફથી જે મદદ મળે તે તાત્કાલિક અપાવવા પ્રયત્નશીલ રહીશ.

(૫) ફક્ત પુસ્તકોનું જ્ઞાન જ નહીં પરંતુ સમાજ સેવા, નબળા વર્ગનાં પ્રશ્નો પ્રત્યે જાગૃતિ કેળવવાની પાયાની કેળવણી આપીશ.

(૬) સાક્ષરતા અભિયાનમાં ૯ થી ૩૫ વયના જુથનાં અભણ ઈસમોને અક્ષરજ્ઞાન આપવાનું કર્તવ્ય જારી રાખીશ.

(૭) પી.ટી.એ.; એમ.ટી.એ. કાર્યક્રમ અંતર્ગત જે બાળકો શાળાએ ન આવે તેના વાલીઓને સમજાવીને શાળાએ લાવીશ. આ કામ રજાનાં દિવસોમાં કે શાળાનાં સમય પહેલા / પછી કરીશ.

(૮) બાળકોમાં ઈતર વાંચનની પ્રવૃત્તિ વિકસાવીશ, તેનામાં રહેલા ગુણોને બહાર લાવવા ઉત્તમોત્તમ તક આપીશ તથા કુટેવોથી બચાવીશ.

(૯) બાળકો વધુ અભ્યાસાર્થે આગળ જાય તે પ્રમાણેનાં તેનાં અભ્યાસનો ખ્યાલ રાખીશ તેની સાથે સતત સંપર્ક રાખીશ અને વધુ પ્રેરણા મળે તે અંગેની ભૂમિકા ભજવીશ.

(૧૦) હું મારૂ પોતાનું જીવન સંયમી અને ચોક્કસ આદર્શોવાળુ રાખીશ. જેથી વિદ્યાર્થીઓ પર તેનો પ્રભાવ પડે.

(૧૧) વિદ્યાર્થીઓમાં. અભ્યાસક્રમનાં શિક્ષણ ઉપરાંત સમાજ, રાષ્ટ્ર પ્રત્યેની ફરજો અંગે સતત સભાનતા કેળવીશ. તેઓ આ મહાન રાષ્ટ્રનાં જવાબદાર ભાવિ નાગરિકો છે. તેનું સતત સ્મરણ કરાવી તેના માટે ઉપરી અધિકારીઓનાં માર્ગદર્શન અન્વયે અનેક કાર્યક્રમોનું આયોજન કરી હું સતત ચિંતનશીલ અને મનનસીલ રહીશ.

ઈશ્વર અમોને વિદ્યાર્થીઓનાં જીવનમાં સાચુ જ્ઞાન ફેલાવવાની શક્તિ આપો.

# નિશાળ મારી પાડકી

નિશાળ મારી પાક્કી
ભણવાનું કરી નક્કી
કે હાલો નિશાળમાં ઝટપટ-ઝટપટ
દફતર લીધી પેટ્ટી
ભરીને પેન પાટ્ટી
કે હાલો નિશાળમાં ઝટપટ-ઝટપટ
બેની ભણે છે મોટ્ટી
તેની ઝાલીને ટરચી
કે હાલો નિશાળમાં ઝટપટ-ઝટપટ

સાહેબ મારા નેક્કી
ભણાવે ખંતે ખેપ્પી
કે હાલો નિશાળમાં ઝટપટ-ઝટપટ
ગીતા ભણાવે પાક્કી
બાપુની નેમ ટેક્કી
કે હાલો નિશાળમાં ઝટપટ-ઝટપટ

હેમુભાઈ કલજીભાઈ તાવિયાડ
આ.શિ. ઉપલા ફ. ચીચાણા
તા. સંતરામપુર, જિ. પંચમહાલ

Book Post

To,

મૈત્રી

(માસિક)

રવાનગી કારકુન :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર. જિ. પંચમહાલ.
ફોન અને ફેક્સ નં. (૦૨૬૭૫) ૨૨૦૦૫૯, ૨૨૦૦૯૨
Website : www.dietsantrampur.org
E-mail : diet_santrampur@yahoo.com
diet_santrampur@gujarat.gov.in